મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

G NEWS ગરવી તાકાત LIVE

૧૦-૦૯-૨૦૨૫ બુધવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૧૪૮

પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.3-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

## ખેતરોમાં પાણી ભરાતાં પાકને નુકસાન થયું છે, ઘણી જગ્યાએ ઘરમાં પણ પાણી ઘૂસી ગયા છે

# વરસાદી આફતથી બનાસકાંઠામાં વિનાશ, પૂરનું પાણી બધુ જ તાણી ગયું

(ગરવી તાકાત) મહેસાણા તા.૯

બનાસકાંઠા જિલ્લામાં ફરી વરસાદી આફત જોવા મળી છે. ભારે વરસાદને કારણે કેટલાક ગામમાં પૂરની સ્થિતિનું નિર્માણ થયું છે. ખેતરોમાં પાણી ભરાતાં પાકને નુકસાન થયું છે. ઘણી જગ્યાએ ઘરમાં પણ પાણી ઘૂસી ગયા છે.

આફતના વરસાદે બનાસકાંઠાના હાલ બેહાલ કરી નાંખ્યા છે...અધધ વરસાદ એવો વરસ્યો કે ચારે બાજુ વિનાશ જ વિનાશ જોવા મળ્યો...ન ઘર બચ્યું, ન ખેતર બચ્યું...ન બચ્યા માલઢોર...પૂરની પાણી બધુ જ તાણી ગયું છે.

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં કુદરતે કહેર વરસાવ્યો છે... વાવના ભાટવર ગામમાં આફતનો વરસાદ એવો તૂટી પડ્યો કે, ચારે બાજુ માત્ર વિનાશનું મંજર છવાઈ ગયું છે. ઘરો ડૂબ્યાં, ખેતરો ખલાસ થયાં, પશુઓનો જીવ ગયો, અને લોકોની આજીવિકા છીનવાઈ ગઈ. બચ્યું છે તો માત્ર જીવન... એ પણ માંડ માંડ.

આવી સ્થિતિ બનાસકાંઠાના વાવ-ભાટવર ગામના છે, જ્યાં ગામ દરિયો બની ગયું છે. બે દિવસથી વરસાદ બંધ હોવા છતાં, કમરથી ઉપર સુધીનું પાણી હજુ ઓસર્યું નથી. વાવ-સુઈગામ હાઈવે પર પાણીનો અધધ પ્રવાહ વહી રહ્યો છે. ઘરની છત પર ફસાયેલા ૫૦થી વધુ લોકોને




### ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં કુદરતે કહેર વરસાવ્યો છે

**વાવના ભાટવર ગામમાં આફતનો વરસાદ એવો તૂટી પડ્યો કે, ચારે બાજુ માત્ર વિનાશનું મંજર છવાઈ ગયું છે. ઘરો ડૂબ્યાં, ખેતરો ખલાસ થયાં, પશુઓનો જીવ ગયો, અને લોકોની આજીવિકા છીનવાઈ ગઈ. બચ્યું છે તો માત્ર જીવન... એ પણ માંડ માંડ.**

SDRFની ટીમે બોટના સહારે બચાવ્યા, પણ હજુ ઘણા લોકો ફસાયેલા છે.

પશુપાલન પર નભતા આ ગામના લોકોની આજીવિકા છીનવાઈ ગઈ છે. અનેક પશુઓના મોતથી પશુપાલકોની આંખો આંસુઓથી ભરાઈ છે. એક પશુપાલકે ઝી ૨૪ કલાકને જણાવ્યું, અમારું બધું ગયું... હવે શું ખાશું, કેવી રીતે જીવશું?

SDRFની ટીમો દિવસ-રાત રેસ્ક્યૂ ઓપરેશનમાં લાગેલી છે. દવા, ખાદ્ય સામગ્રી અને પીવાનું પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે, પણ હજુ પણ ગામમાં પાણી ઓસર્યું નથી. લોકોની આંખોમાં ડર છે, દુઃખ છે, પણ આશાનું એક કિરણ પણ જોવા મળી રહ્યું છે.

કુદરતનો કહેર મનુષ્યને લાચાર બનાવી દે તેવો છે. બનાસકાંઠાના આ ગામ લોકોની આ વેદના હૃદયને હચમચાવી મૂકે છે. પ્રશ્ન એ છે કે, આ આફતમાંથી આ લોકો ક્યારે બહાર આવશે?.

## છેલ્લા ત્રણ દિવસથી વરસી રહેલા અવિરત ભારે વરસાદને પગલે

# બહુચરાજી તાલુકાની જીવાદોરી સમાન ગણાતી રૂપેણ નદીમાં નવા નીરની આવક થતાં ખેડૂતોમાં હર્ષોલ્લાસ

(ગરવી તાકાત) મહેસાણા તા.૯

છેલ્લા ત્રણ દિવસથી સમગ્ર ઉત્તર ગુજરાતમાં વરસી રહેલા અવિરત ભારે વરસાદને પગલે બહુચરાજી તાલુકાની જીવાદોરી સમાન ગણાતી રૂપેણ નદીમાં નવા નીરની ભારે આવક થઈ છે. લાંબા સમય બાદ નદી તેના બંને કાંઠે વહેતી થતાં સ્થાનિક લોકો અને ખેડૂતોમાં હર્ષોલ્લાસનો માહોલ છવાયો છે.

બહુચરાજી પંથકમાં છેલ્લા ૭૨ કલાકથી સતત વરસાદી માહોલ જામ્યો છે, જેના કારણે સ્થાનિક જળાશયો અને નદી-નાળાઓ છલકાઈ ગયા છે. આ વરસાદને



કારણે રૂપેણ નદીમાં પાણીની સતત આવક ચાલુ રહેતા નદીએ તેનું રૌદ્ર અને રમણીય સ્વરૂપ ધારણ કર્યું છે.

આમ, લાંબા સમય બાદ રૂપેણ નદીને બે કાંઠે વહેતી જોઈને સમગ્ર પંથકમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે અને આગામી સમયમાં ખેતી તથા પશુપાલન માટે સારા દિવસોની આશા બંધાઈ છે.અત્રે ઉલ્લેખનીય છે કે રૂપેણ નદીનું ભૌગોલિક મહત્વ અનેરું છે. આ નદી મહેસાણા જિલ્લામાં આવેલી તારંગાની ટેકરીઓમાંથી નીકળે છે અને બનાસકાંઠા, પાટણ જિલ્લામાંથી પસાર થઈને પશ્ચિમ દિશામાં આવેલા કચ્છના નાના રણમાં સમાઈ જાય છે. અન્ય નદીઓની જેમ તે સમુદ્રને મળતી નથી, આથી જ તેને 'કુંવારી નદી' અથવા 'અંતઃસ્થ નદી' તરીકે પણ ઓળખવામાં આવે છે. લગભગ ૧૩૫ કિલોમીટરની લંબાઈ ધરાવતી આ નદી તેના માર્ગમાં આવતા અનેક ગામો માટે પીવાના પાણી અને સિંચાઈનો મુખ્ય સ્રોત છે.

## છત્તીસગઢ રાજ્યમાં ભારે વરસાદને કારણે આવેલી પૂરની સ્થિતિમાં

# ઊંઝા એપીએમસીએ દ્વારા પૂરપિડીતો માટે ૧૦૩૦ રાહત કિટ તૈયાર કરવામાં આવી

(ગરવી તાકાત) મહેસાણા તા.૯

છત્તીસગઢ રાજ્યમાં ભારે વરસાદને કારણે આવેલી પૂરની સ્થિતિમાં ઊંઝા એપીએમસી મદદ માટે આગળ આવી છે. એપીએમસીએ પૂરપીડિતો માટે જીવન જરૂરિયાતની વસ્તુઓ સાથેની રાહત કીટ તૈયાર કરી છે.બજાર સમિતિ ઊંઝાના વહીવટદાર એસ.એન.ઝાલાના માર્ગદર્શન હેઠળ આ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. ઈન્ચાર્જ સેક્રેટરી ભર્તિકાબેન પટેલ અને સ્ટાફના સહયોગથી કુલ ૧૦૩૦ રાહત કીટ તૈયાર કરવામાં આવી છે.

દરેક કીટમાં ૧૯ જરૂરી વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો



છે. એક કીટની અંદાજિત કિંમત ૨૧૦૦ રૂપિયા છે. આ તમામ કીટ ટૂંક સમયમાં છત્તીસગઢ મોકલવામાં આવશે. સરકારના સૂચન મુજબ આ રાહત કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

# મહેસાણા લોકસભાના સાંસદ હરિભાઈ પટેલ દ્વારા ખેલ મહોત્સવનું કરાયેલ ભવ્ય આયોજન

(ગરવી તાકાત) મહેસાણા તા.૯

લોકસભા વિસ્તાર મહેસાણાના સાંસદ હરિભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ 'સાંસદ ખેલ મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા, રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા રમતગમત વિભાગના મંત્રી હર્ષભાઈ સંઘવીની પ્રેરણાથી પ્રેરિત છે. આ મહોત્સવ યુવાનોને રમતગમત તરફ આકર્ષિત કરવા અને તેમની પ્રતિભાને પ્રોત્સાહન આપવાનો મહત્વપૂર્ણ પ્રયાસ છે.આ મહોત્સવમાં ૨૯ ઑગસ્ટ થી ૨૦ સપ્ટેમ્બર સુધી ખેલાડીઓ પોતાનું રજિસ્ટ્રેશન



sansadkhelmahOsav.in વેબસાઈટમાં કરાવી શકશે. મહોત્સવ ૨૧ સપ્ટેમ્બરથી ૨૫ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન યોજાશે. આ દરમિયાન આઠ વિવિધ રમતોમાં સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં કબડ્ડી, ખોખો, યોગાસન, બેડમિન્ટન, કુસ્તી, એથ્લેટિક્સ, હેન્ડબોલ અને વોલીબોલનો સમાવેશ થાય છે. આ રમતો દ્વારા વિસ્તારના યુવાનો અને વિદ્યાર્થીઓને તેમની શારીરિક ક્ષમતા અને કૌશલ્યને બહાર કાઢવાની તક મળશે.સાંસદ હરિભાઈ પટેલે વિસ્તારના તમામ યુવાનો અને વિદ્યાર્થીઓને આ મહોત્સવમાં ભાગ લેવા અપીલ કરી છે. તેમણે કહ્યું, ×આ માત્ર એક ખેલ મહોત્સવ નથી, પરંતુ યુવાનોને ખીલવવાનો અને તેમને રમતગમતના માધ્યમથી તંદુરસ્ત અને સક્રિય બનાવવાનો પ્રયાસ છે. વડાપ્રધાનજીના 'ફિટ ઈન્ડિયા' અભિયાનને અનુરૂપ આ પહેલ યુવા પેઢીને રાષ્ટ્રના નિર્માણમાં યોગદાન આપવા પ્રેરશે.

## મહેસાણા તા.પં. ખાતે રીફ્રેશર અને ઓરીએન્ટેશન તાલીમ યોજાઈ

# સ્વચ્છ ભારતના ઉદ્દેશો તેમજ તાલીમથી થનારી અસરકારક કામગીરી અંગે અપાયેલ માર્ગદર્શન



(ગરવી તાકાત) મહેસાણા તા.૯

કમિશ્નરશ્રી ગ્રામ વિકાસ કચેરી, ગાંધીનગર, રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા (SIRD) ગુજરાત તથા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી મહેસાણાના સંયુક્ત ઉપક્રમે આજરોજ મહેસાણા તાલુકા પંચાયત હોલ ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ. હસરત જૈસમીન તથા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ઈન્ચાર્જ નિયામકશ્રીની ઉપસ્થિતિમાં તાલુકા પંચાયત પ્રમુખશ્રી અને સભ્યો માટે રીફ્રેશર તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ કાર્યક્રમ SIRD ના વિશેષ નિયામકશ્રી બી.એમ. પ્રજાપતિ (IAS) ના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જેમાં રાજ્યકક્ષાના SIRD ના કોર ફેકલ્ટી દ્વારા સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ના ઉદ્દેશો તેમજ તાલીમથી થનારી અસરકારક કામગીરી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

તેમજ SIRD ના માસ્ટર ટ્રેનર્સ દ્વારા એસ.બી.એમ. ફેઝ-૨ ના વિવિધ ઘટકો અંગે પ્રેઝન્ટેશન, શોર્ટ વિડિયો ક્લિપ્સ, ગ્રુપ ડિસ્કશન તથા સંવાદાત્મક પ્રવૃતિઓ દ્વારા તાલીમાર્થીઓને અસરકારક પ્રશિક્ષણ અપાયું. ખાસ કરીને સ્થાનિક અસ્કયામતોની જાળવણી માટે ભૂમિકા અને જવાબદારી ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ તાલીમ દરમિયાન તાલુકાના પદાધિકારીઓ માટે ઓરીએન્ટેશન તાલીમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓના ઉત્સાહભર્યા સહભાગી બન્યા હતા તથા તાલીમ ગુણવત્તાસભર અને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી.

## 'સોલંકી' રાજમા લાલીયાવાડી નહિ ચાલે ગુનેગારો સાવચેત થઈ જજો નહિ તો બરડાં લાલચોળ થઈ જશે

# મહેસાણા LCBના કિરણજીનું કિરણ પડ્યું અને અક્ષયસિંહ અક્ષયકુમારની જેમ ત્રાટક્યા : ચોરી કરેલા ૬ બાઈક સાથે બે ગુનેગારોને પકડી પાડ્યા

### મણીપુરાથી મોઢેરાના માર્ગ પર આવતી પુષ્પાવતી નદીના કાંઠે એલસીબીના જવાનોએ પુષ્પાના બદલે કહેવાતા અપરાધીઓ ઉપર કાયદાના દોરડા વિંજ્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૯

મહેસાણા જિલ્લામાં નાયબ પોલીસ મહાનિરીક્ષક વિરેન્દ્રસિંહ યાદવ તથા જિલ્લા પોલીસ અધિક્ષક હિંમાશુ સોલંકીએ જિલ્લામાં બનતા ગુનાઓને શોધી કાઢવા જિલ્લાના તાબાના પોલીસ મથકના પી.આઈ. સહિત સ્ટાને સૂચના આપવામાં આવી હતી.

મહેસાણા એલસીસબીના ઈન્ચાર્જ પી.આઈ. એન.આર. વાઘેલાએ સ્ટાફના અધિકારી તથા કૃમચારીઓની અલગ અલગ ટીમો બનાવી જિલ્લામાં બનતી ગુન્હાહિત પ્રવૃતિઓને અટકાવવા કામગીરી હાથ ધરવામાં આવી હતી.

દરમિયાન મહેસાણા એલસીબીના પીએસઆઈ એમ.ડી. ડાભી સાથે એએસઆઈ જયેશકુમાર તથા હે.કો. કિંરણ, હે.કો. લાલાજી તથા પો.કો. અક્ષયસિંહ, રાજેન્દ્રસિંહએ મોઢેરા વિસ્તારમાં




પેટ્રોલિંગમાં હતા. હે.કો. કિરણજી તથા પો.કો. અક્ષયસિંહને ખાનગી રાહે હકીકત મળેલ કે મણીપુરાથી મોઢેરા તરફ આવતાં રોડ ઉપર આવેલ પુષ્પાવતી નદીના પુલ ઉપર વાહન ચેકીંગ કરી વોચ તપાસમાં હતા. આ સમયે ઠાકોર અશ્વિનજી ભેમાજી રહે. મણીપુરા પરા વિસ્તાર તા. ચાણસ્મા જિ. પાટણ તથા ઝાલા અભેસંગ ઉર્ફે પીન્ટુભાઈ કનુભાઈ ઉર્ફે ભલોુભા રહે.

**મહેસાણા એલસીસબીના ઈન્ચાર્જ પી.આઈ. એન.આર. વાઘેલાએ સ્ટાફના અધિકારી તથા કૃમચારીઓની અલગ અલગ ટીમો બનાવી જિલ્લામાં બનતી ગુન્હાહિત પ્રવૃતિઓને અટકાવવા કામગીરી હાથ ધરવામાં આવી હતી.**

ગુજાળા ભેમાદાદની પાટી તા. દેત્રોજ જી. અમદાવાદ ગ્રામ્ય વાળાઓને મરૂન કલરના હોન્ડા કંપનીનું એકટીવા કિ. રૂા.૩૦ હજાર સાથે પકડી પાડી સઘન પૂછપરછ કરતાં પોતાના મિત્ર સંજયસિંહ કુભુંભા ઝાલા રહે.ગુંજાળા તા. દેત્રોજ જિ. અમદાવાદવાળા સાથે ભેગા મળી બાઈક સંતાડી રાખેલ છે. જે હકીકત આધારે પંચો સાથે સદરજી જગ્યાએથી પાંચ મોટર સાયકલ જેની કિંમત રૂા. ૧,૨૦,૦૦૦ નો મુદામાલ ઝડપી પાડી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# વડનગરના વલાસનામાં ૧૦૮ એમ્બ્યુલન્સની સમયોચિત અને સાહસિક કામગીરીથી મહિલાને ડિલિવરી કરાવી

(ગરવી તાકાત) મહેસાણા તા.૯

મહેસાણા જિલ્લાના વડનગર તાલુકા અંતર્ગત વલાસના ગામમાં એક ગરીબ પરિવારમાં પ્રસૂતા મહિલાને ગંભીર પ્રસૂતિ પીડા થતા ૧૦૮ એમ્બ્યુલન્સ ટીમે તરત જ કાર્યવાહિ કરી, સારવાર આપીને અને સમયસર હોસ્પિટલ પહોંચાડવા ની સુજાણબુજથી ડિલિવરી કરવામાં સફળતા મેળવી હતી.

માહિતી મુજબ, તા. ૦૮/૦૯/૨૦૨૫ના સાંજે ૭:૧૫ વાગ્યે વલાસના ૧૦૮ એમ્બ્યુલન્સ ટીમને પ્રાથમિક સારવારની તાત્કાલિક જરૂરતવાળી પ્રસૂતા મહિલાને ૧૭ કિમી દૂરની હોસ્પિટલ પોહચાડવાની માંગ આવી હતી. મહિલાને પીડા અસહ્ય રીતે વધી હતી.

વલાસ ૧૦૮ ની પાઈલટ મહેશભાઈ બારોટ અને ઈ.એમ.ટી હાર્દિકભાઈ પ્રજાપતિ સમયસર ઘટના સ્થળે પહોંચી પ્રસૂતા કાજલબેન જીતેન્દ્રભાઈ સોલંકી (ઉમર ૨૫ વર્ષ) ની સારવાર શરૂ કરી. ડૉ. ત્રિવેદી સરના માર્ગદર્શન હેઠળ મહિલાની સ્થિતિને ધ્યાનમાં લઈને એમ્બ્યુલન્સમાં જ નોર્મલ ડિલિવરી હાથ ધરાઈ હતી. પ્રસૂતા મહિલાએ સ્વસ્થ પુત્રને જન્મ આપ્યો. ત્યારબાદ



માતા-બાળકને વધુ સારવાર માટે વડનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા.

ગુજરાત સરકાર દ્વારા ફાળવવામાં આવેલ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા સમાજમાં ખુબ ઉપયોગી સાબિત થઈ રહી છે. ખાસ કરીને ગરીબ અને અનાથ પરિવારો માટે આ સેવા સંકટ સમયે આશીર્વાદરૂપ બને છે.

પરિવારજનો અને ગામના લોકોએ ૧૦૮ ટીમના પ્રતિભાવ, લાગણીશીલ સેવા અને પરિપૂર્ણ કામગીરી માટે ખૂબ આભાર વ્યક્ત કર્યો છે. તેઓએ કહ્યું કે, "આ તાત્કાલિક સેવા અમારે માટે ભગવાનનો આશીર્વાદ છે."

૧૦૮ની ટીમ દ્વારા કરવામાં આવેલ આ કામગીરીને સૌ કોઈએ વખાણી હતી અને તેમને અભિનંદન પાઠવ્યા હતા.




# ભારતે આંતરિક દેશદ્રોહીઓથી સાવધ રહેવું પડશે

ભારતને વિભાજીત કરવા માટે વસાહતી ટૂલકીટ હજુ પણ ઘણા સ્વરૂપોમાં સક્રિય છે. આની ઝલક યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સલાહકાર પીટર નાવારોના તાજેતરના ઝેરી બોલવામાં જોવા મળે છે. યુક્રેન-રશિયા લશ્કરી સંઘર્ષને 'મોદીનું યુદ્ધ' ગણાવનારા નાવારોએ રશિયા પાસેથી સસ્તા દરે તેલ ખરીદવા પર કહ્યું કે આનો લાભ ફક્ત બ્રાહ્મણોને જ મળી રહ્યો છે.

આ કોઈ અચાનક પ્રતિક્રિયા કે અમેરિકન સંદર્ભમાં આપેલું નિવેદન નથી. આ એ ઝેરી વેલાની એ જ કળી છે જેના મૂળ દેશમાં પહેલેથી જ રોપાઈ ચૂક્યા છે, જ્યાં એક રાજકીય જૂથ દાયકાઓથી દલિતો અને વંચિતોને બાકીના હિન્દુ સમાજ સામે ઉભા કરવા અને મુસ્લિમોને ધર્મના નામે એક વિકૃત કથા બનાવીને એક કરવા માટે કાવતરું ઘડી રહ્યું છે.

સત્ય એ છે કે ભારતને અનેક ટુકડાઓમાં વિભાજીત કરવાની વિકૃત ઈચ્છા વિદેશી શક્તિઓની શાશ્વત હતાશા રહી છે. તેમનું લક્ષ્ય ફક્ત બ્રાહ્મણો જ નહીં, પરંતુ સમગ્ર હિન્દુ સમાજ છે. બ્રાહ્મણોનું રાક્ષસીકરણ કોઈ સંયોગ નથી, પરંતુ એક સુનિયોજિત કાવતરું છે. બ્રાહ્મણો પ્રત્યે નફરતના મૂળ ૧૬મી સદી અને ત્યારબાદ રચાયેલા કપટી કાવતરાઓમાં સીધા જોઈ શકાય છે. જ્યારે જેસુઈટ મિશનરી ફ્રાન્સિસ ઝેવિયર ૧૬મી સદીમાં ભારતના દક્ષિણ ભાગમાં આવ્યા, ત્યારે તેમણે બ્રાહ્મણોને ખ્રિસ્તી ધર્માંતરણના માર્ગમાં સૌથી મોટો અવરોધ માન્યા.

ઝેવિયરે ૩૧ ડિસેમ્બર ૧૫૪૩ ના રોજ રોમ ખાતે સોસાયટીને એક પત્ર લખ્યો અને કહ્યું, ×જો બ્રાહ્મણો વિરોધ ન કરે, તો આપણે અહીં બધાને ખ્રિસ્તના ચરણોમાં લાવવા જોઈએ... આટલા વર્ષોમાં મેં ફક્ત એક જ બ્રાહ્મણનું ધર્માંતરણ કર્યું છે.× આ પછી, ઝેવિયરે ગોવા ઈક્વિઝિશનનું લોહિયાળ અભિયાન શરૂ કર્યું. ફક્ત હિન્દુઓ જ નહીં પરંતુ તે સીરિયન ખ્રિસ્તીઓ પણ આનો ભોગ બન્યા, જેઓ કેથોલિક રોમન ચર્ચને બદલે તેમની પ્રાચીન પૂજા પદ્ધતિનું પાલન કરી રહ્યા હતા. ચર્ચની નજરમાં, આ એટલો મોટો ગુનો હતો કે આવા લોકોની જીભ કાપી નાખવામાં આવી હતી અને તેમના જીવતા હતા ત્યારે તેમની ચામડી ઉતારી લેવામાં આવી હતી.ઝેવિયર પછી, રોબર્ટ ડી નોબિલી નામના બીજા જેસુઈટ મિશનરી ૧૭મી સદીમાં ભારત આવ્યા. બ્રાહ્મણોનો જાહેર આદર જોઈને, તેમણે સાધુ-સંન્યાસીનો વેશ પહેર્યો અને પોતાને 'શ્વેત બ્રાહ્મણ' કહેવા લાગ્યા. ધર્માંતરણની આ પદ્ધતિ અંગે રોમમાં ઘણો વિવાદ થયો. ૧૭૫૭માં પ્લાસીના યુદ્ધમાં નિર્ણાયક વિજય સાથે જ્યારે રોબર્ટ ક્લાઈવે ભારતમાં બ્રિટીશ સામ્રાજ્યનો પાયો નાખ્યો, ત્યારે સમય જતાં આ ધાર્મિક ષડયંત્રને વેગ મળ્યો.૧૮૧૩માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ચાર્ટરમાં એક વિવાદાસ્પદ કલમ ઉમેરીને, અંગ્રેજોએ તેમના પાદરીઓ અને મિશનરીઓને ભારતીયોને ધર્માંતરિત કરવાનો માર્ગ મોકળો કર્યો એટલું જ નહીં, પરંતુ તેમને તમામ પ્રકારના સત્તાવાર સમર્થનની ખાતરી પણ આપી. લોર્ડ મિન્ટો, જે તે સમયે ગવર્નર-જનરલ હતા, તેમણે તેમના એક મેમોરેન્ડમમાં કેટલાક મિશનરીઓની પ્રચાર સામગ્રી પર ટિપ્પણી કરી હતી, 'આ લખાણનો મોટાભાગનો ભાગ વાસ્તવમાં બ્રાહ્મણોની સામૂહિક કતલ કરવાનો હોય તેવું લાગે છે.'

આમ, ચર્ચ-મિશનરીઓએ, અંગ્રેજો સાથે જોડાણ કરીને, પોતાના નિહિત હિતોને પૂર્ણ કરવા માટે બ્રાહ્મણોને બદનામ કરવા માટે એક વ્યવસ્થિત સ્ક્રિપ્ટ લખવાનું શરૂ કર્યું. આ પ્રયાસમાં, પહેલા મદ્રાસ (ચેન્નાઈ) ના બ્રાહ્મણો અને અન્ય ઉચ્ચ જાતિના શિક્ષિત હિન્દુઓને ધર્માંતરિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો, પરંતુ તેઓ આમાં સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યા. ત્યારબાદ બ્રિટીશ ઈતિહાસકાર અને નેતા થોમસ બેબિંગ્ટન મેકૌલેએ તેમના કુખ્યાત 'મિનિટ ઓન ઈન્ડિયન એજ્યુકેશન' દ્વારા ભારતીય શિક્ષણ પ્રણાલીને વિકૃત કરવા માટે એક ઝુંબેશ શરૂ કરી.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## ભારતના સક્ષમ નેતૃત્વ બદલાયેલા અભિગમ તથા ટેકનોલોજીનો દુનિયાને પરિચય મળ્યો

# ઓપરેશન સિંદુર માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી - સૈન્યને અભિનંદન : વિધાનસભામાં પ્રસ્તાવ

ગાંધીનગર, તા.૯

ગુજરાત વિધાનસભામાં સત્રના બીજા દિવસે આજે પહેલગામ આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાન પર હાથ ધરેલા ઓપરેશન સિંદુરની સફળતા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા ભારતીય સેનાને અભિનંદન આપતો પ્રસ્તાવ રજુ કરવામાં આવ્યો હતો.



આ સિવાય ગુડઝ એન્ડ સર્વીસ ટેકસ અધિનિયમ તથા જનવિશ્વાસ સુધારા વિધેયક પેશ કરવામાં આવ્યો હતો. રાજય વિધાનસભામાં આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ઓપરેશન સિંદુર માટે વડાપ્રધાન મોદી તથા ભારતીય સેનાને અભિનંદન આપતો પ્રસ્તાવ રજુ કરાયો હતો.

તેમણે કહ્યું કે, ઓપરેશન સિંદુરની સફળતાને પગલે ૧૪૦ કરોડ ભારતીયો તથા અનેક દેશોએ પણ વડાપ્રધાનનાં સક્ષમ નેતૃત્વની પ્રસંસા કરી છે. તેમાં ગુજરાત વિધાનસભા પણ સુર પુરાવે છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે આપણી સેનાએ પાર પાડેલુ આ ઓપરેશન સિંદુર માત્ર સૈન્ય કાર્યવાહી નથી પરંતુ ત્રાસવાદ, આતંકવાદ સામેના દાયકાઓના લાંબા સંઘર્ષ અને વડાપ્રધાનની આતંકવાદ સામેની ઝીરો ટોલરન્સની નિતીમાં નિર્ણાયક અને ઐતહાસીક મોડ છે.

ગૃહના નેતા ભુપેન્દ્ર પટલે આભાર પ્રસ્તાવની ચર્ચાનો પ્રારંભ કરતા કહયૂઃ કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ હંમેશા નાનામાં નાના માનવીનો ખ્યાલ રાખીને શિક્ષા, સ્વાસ્થ્ય અને સુરક્ષાને પ્રાથમીકતા આપી છે. દેશની સુરક્ષા અને જન-જનની રક્ષાને પણ તેમણે એટલી જ અહેમીયત આપીને એ માટે પણ અનેક ઐતહાસીક અને હિંમતપુર્વકના પગલા ભર્યા છે. ઓપરેશન સિંદુર આવુ જ એક ઐતહાસિક કદમ છે એમ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યુઃ કે જો પોલીટીકલ વિલ હોય અને નેશનલ સીકયુરીટી-રાષ્ટ્રહીત સર્વોપરીની ભાવના હોય તો દેશ વિરૂધ્ધની કોઈપણ નાપાક હરકતોનો જડબાતોડ જવાબ આપી શકાય તે વડાપ્રધાનના નેતૃત્વએ પુરવાર કર્યુ છે. તેમણે આ અંગે વધુમાં કહયું કે આપણા સુરક્ષાદળોએ ઉરીના આતંકી હુમલા સામે સર્જીકલ સ્ટ્રાઈકની એવી જવાબી કાર્યવાહી કરી કે પાકીસ્તાનની આંખો પહોળી થઈ ગઈ.

બાલાકોટમાં આતંકી ઠેકાણાઓ પર એર સ્ટ્રાઈક કરીને એરફોર્સ આતંકી તાલીમ કેમ્પ જ નષ્ટ કરી નાખ્યા અને પુલવામાં હુમલાનો વળતો જવાબ આપી દીધો. પાકીસ્તાનને હજી તેની કળ વળી નથી અને ત્યાંજ આપણી સેનાએ ઓપરેશન સિંદુરથી તો તેમની નાભી પર જ સીધો પ્રહાર કર્યો છે.આ ઓપરેશન સિંદુરથી ભારતના બદલાયેલા ન્યુ નોર્મલ અભિગમ, અતિઆધુનીક ટેકનોલોજીની સજજતા અને મેક ઈન ઈન્ડીયાની સફળતાનો વિશ્વને પરીચય મળી ગયો છે. એટલું જ નહીં આપણી માતા-બહેનોના સિંદુર ઉજાડનાર આતંકવાદીઓને જડમુળથી ખતમ કરવાની પ્રતિબધ્ધતાનું પ્રતિક પણ આ ઓપરેશન સિંદુર બન્યું છે.

ભુપેન્દ્ર પટેલે ઉમેર્યુ કે આપણને સૌને સેનાની બહાદુરી પર ગર્વ થાય કે ૭મી મેના દિવસે નકકી કરેલા સમયે સેનાએ કાર્યવાહી કરી અને પાકીસ્તાન અવાચક થઈ ગયું કાંઈ જ ના કરી શકયું. બહાદુર જવાનોએ ૨૨ મીનીટમાં જ ૨૨ એપ્રીલનો બદલો નિર્ધારીત લક્ષ્ય સાથે લીધો. આપણી પરાક્રમી સેના, ભારતવાસીઓની રક્ષા માટે સદેવ સજજ છે. તેનો પરચો ઓપરેશન સિંદુરે આપ્યો છે.

ટેકનોલોજીની સ્વનિર્ભરતા તથા આકાશ જેવી સ્વદેશી પ્રણાલીઓના શાનદાર પ્રદર્શનથી ભારતીય સેનાએ સમગ્ર ઓપરેશન પાર પાડયું તેનો વિશેષ ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે પહેલીવાર દુનીયાએ આત્મનીર્ભર ભારતની શકિતનું સામર્થ્ય જોયું. મેડ ઈન ઈન્ડીયા ડ્રોન, મેડ ઈન ઈન્ડીયા મીસાઈલોએ પાકીસ્તાનના શસ્ત્રોને સંપુર્ણપણે ખુલ્લા પાડયાં.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઓપરેશન સિંદૂરને આતંકવાદીઓ સામેની લડાઈનો વિજય ગણાવતા ઉમેર્યુ કે, ઓપરેશન સિંદૂર આતંકવાદીઓની નાપાક હરકતોનો જડબાતોડ જવાબ છે, આતંકવાદીઓ અને તેમના આક્કાઓ, સમર્થકોનો ધર મૂળથી સફાયો કરી નાખવાનો સંકલ્પ છે.ઓપરેશન સિંદૂરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની નિર્ણાયક ભૂમિકા અને સેનાની ત્રણેય પાંખની બહાદુરીપૂર્ણ કામગીરીની નોંધ લઈને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને આપણી સેનાને ઓપરેશન સિંદૂરની સફળતા માટે અંતઃકરણપૂર્વકના અભિનંદન વિધાનસભા ગૃહ વતી પાઠવ્યા હતા.

આ અભિનંદન પ્રસ્તાવ પર સત્તા પક્ષ અને પ્રતિ પક્ષના સભ્યોએ પણ પોતાના મત વ્યક્ત કર્યા હતા અને અભિનંદન પ્રસ્તાવ વિધાનસભા ગૃહમાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** તમારે કડવાશને મીઠાશમાં રૂપાંતરિત કરવાની કળા શીખવી પડશે. તમને તમારા જીવનસાથી તરફથી સહયોગ મળશે. સંતાન તરફથી નિરાશાજનક સમાચાર મળી શકે છે.

**વૃષભઃ** આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી બનશે. કર્મચારીઓનો આદર અને સહયોગ પણ પૂરતો રહેશે.

**મિથુનઃ** આજે તમારો દિવસ મિશ્રિત રહેશે, પરંતુ સ્વાસ્થ્ય નરમ રહેશે. કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને તમારે અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે. તમારી વાતોને લીધે કોઈની સાથે મતભેદો અને વિવાદ થઈ શકે છે.

**કર્કઃ** આજનો દિવસ સંતોષપૂર્ણ અને શાંતિપૂર્ણ બની રહી શકે છે. રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. સરકાર અને સત્તા વચ્ચેના જોડાણનો લાભ તમને મળી શકે છે.

**સિંહઃ** આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં વિતાવશો. વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલી સમસ્યા સમાપ્ત થઈ જશે. આજે સંબંધીઓ સાથએ વ્યવહાર ના કરો, સંબંધો ખરાબ થવાની સંભાવના છે.

**કન્યાઃ** આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ તમને મળશે. સાસરિયા તરફથી પૂરતી રકમ મળી શકે છે.

**તુલાઃ** આજે તમારી આસપાસ કોઈ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના બધા સભ્યોની ખુશીમાં વધારો થશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે.

**વૃશ્ચિકઃ** સ્વાસ્થ્યનું વધુ ધ્યાન રાખવું પડશે. વાયુ વિકારની ફરિયાદો હોઈ શકે છે. બ્લડ પ્રેશરના દર્દીઓના રોગમાં વધારો થઈ શકે છે. નોકરી-વ્યવસાયની દ્રષ્ટિએ દિવસ મિશ્રિત રહેશે. મોટા નિર્ણયો કાળજીપૂર્વક લો.

**ધનઃ** આજની સ્થિતિમાં મન વિચલિત રહી શકે છે. આવકના નવા સ્ત્રોત સર્જાશે પરંતુ માનસિક મૂંઝવણને કારણે તમે લાભથી વંચિત રહી શકો છો. નમ્રતા-વાણીથી આદર મળશે. તમને શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે.

**મકરઃ** આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે.

**કુંભઃ** આજે તમને ભાગ્યનો સહયોગ મળશે. રોજગાર-વ્યવસાયના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાત્મક સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી પણ સંતોષકારક સુખદ સમાચાર મળશે.

**મીનઃ** આજે કોઈ કિંમતી વસ્તુની ચોરીનો ભય રહેશે. બાળકોના શિક્ષણમાં અથવા કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચારોને લીધે મનમાં આનંદ થશે. કોઈપણ અટકેલા કામ સાંજે પૂર્ણ થશે. રાત્રે શુભ કાર્યોમાં ભાગ લેવાનું સૌભાગ્ય મળશે.

# અમદાવાદમાં વરસાદી પાણીમાં કરંટ લાગતા સ્કુટર સવાર યુવક-યુવતિના મોતઃ તંત્રની ઘોર બેદરકારી

અમદાવાદ,તા.૯

અમદાવાદમાં તંત્રની ઘોર બેદરકારીના કારણે બે લોકોના વીજકરંટ લાગવાની ઘટના સામે આવી હતી. નારોલ વિસ્તારમાં એક યુવક અને એક યુવતીના ઘટનાસ્થળે કરૂણ મોત નિપજ્યા હતાં. ફાયરની ટીમની મદદથી બંનેના મૃતદેહ બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે મોકલવામાં આવ્યા હતા.





મળતી માહિતી મુજબ, અમદાવાદના નારોલ વિસ્તારમાં મટનગલી ખાતે બે લોકોના વીજકરંટના કારણે મોત નિપજ્યા હતા. હકીકતમાં આ વિસ્તારમાં વરસાદી પાણીમાં કરંટ હતો. આ દરમિયાન એક દ્વિચક્રી વાહન પાણીમાંથી પસાર થયું કે, તુરંત કરંટ લાગતા વાહન પર બેઠેલા યુવક અને યુવતી બંને નીચે પટકાયા હતા. પાણીમાં કરંટ વધુ હોવાના કારણે બંનેના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા.

ઘટનાની જાણ થતા સ્થાનિક લોકોને ફાયર વિભાગને મદદ માટે બોલાવ્યું હતું. ત્યારબાદ મોડી રાત્રે ફાયર વિભાગે બંનેના મૃતદેહને કરંટવાળા પાણીમાંથી બહાર કાઢ્યા અને બાદમાં બંનેના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, દ્વિચક્રી વાહન જીજે-૨૭ ડીડી ૦૩૧૪ના આધારે વાહન ચાલકની ઓળખ કરી તેમના પરિવારને આ વિશે જાણ કરવામાં આવી છે.

સમગ્ર ઘટનાને લઈને તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. વરસાદ બંધ થઈ ગયા બાદ પણ વરસાદી પાણી રોડ પરથી ઓસર્યા નહતા અને આ પ્રકારે રોડ પરના વરસાદી પાણીના કરંટ કેવી રીતે આવ્યો તે વિશે તંત્ર સાવ અજાણ હતું.

## ફિલ્મી ગપશપ

### ઐશ્વર્યા રાયના AIથી ફોટો બનાવી પોર્નોગ્રાફીમાં ઉપયોગ કરાયો

# પરવાનગી વિના ફોટો, ઓળખનો દુરુપયોગ રોકવાની માંગ સાથે એક્ટ્રેસની હાઈકોર્ટમાં અરજી

વિશ્વસુંદરી ઐશ્વર્યા રાયના ફોટોને છૈં (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)થી બિભત્સ કરીને પોર્નોગ્રાફી માટે ઉપયોગમાં લેવામાં આવતા હોવાના, તેમજ તેની પરવાનગી વિના વિવિધ સામગ્રીઓ વેચવામાં આવતી હોવાના આક્ષેપ સાથે એક્ટ્રેસે મંગળવારે દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે.

એક્ટ્રેસે પરવાનગી વિના તેના ફોટો, નામ, ઓળખ અને છૈંથી જનરેટ કરાયેલા અશ્લિલ કન્ટેન્ટના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી હતી. તેણે કોર્ટમાં રજૂઆત કરી છે કે, તેના વ્યક્તિત્વના અધિકારો (પર્સનાલિટી રાઈટ્સ)નું ઉલ્લંઘન થઈ રહ્યું છે.

એક્ટ્રેસના વકીલ સંદીપ સેઠીએ કોર્ટને જણાવ્યું હતું કે, 'ઐશ્વર્યા રાયની ઓળખનો ગેરમાર્ગે દોરતા પ્રચાર અને નફા માટે દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. ઐશ્વર્યાના અશ્લિલ, ચેડાં કરાયેલા છૈં જનરેટેડ ફોટો ઓનલાઈન પ્લેટફોર્મ્સ પર ફેલાવવામાં આવી રહી છે.'

વકીલ સંદીપ સેઠીએ તેને ઐશ્વર્યાના ગૌરવ અને અધિકારોનું ગંભીર ઉલ્લંઘન ગણાવ્યું. તેમણે કન્ટેન્ટને વિકૃત કરવાની પ્રકૃતિ પર ભાર આપતા કહ્યું કે, 'એક્ટ્રેસના ફોટોનો ઉપયોગ કોઈની જાતીય ઈચ્છાઓને સંતોષવા માટે થઈ રહ્યો છે.'

એક્ટ્રેસના વકીલ સંદીપ સેઠીએ ઓફિશિયલ પ્લેટફોર્મ હોવાનો દાવો કરતી અને ઐશ્વર્યાના નામ અને ફોટો ધરાવતા મગ, ટી-શર્ટ અને ડ્રિંક પ્રોડક્ટ્સ સહિત અનધિકૃત વસ્તુઓ વેચતી વેબસાઈટ્સ વિશે વાત કરી.

'લાઈવ લો' અનુસાર, કેસની સુનાવણી કરી રહેલા જસ્ટિસ તેજસ કારિયાએ કહ્યું કે, 'ઓનલાઈન પ્લેટફોર્મ અને જે લોકો ઐશ્વર્યાના ફોટો બદલીને અથવા તેના વ્યક્તિત્વનો પરવાનગી વિના ઉપયોગ કરી રહ્યા છે, તેમના પર પ્રતિબંધ મૂકવામાં આવશે.'

કોર્ટે કહ્યું કે, 'ઐશ્વર્યા રાય બચ્ચનના પબ્લિસિટી અને પર્સનાલિટી રાઈટ્સના રક્ષણ માટે મનાઈ હુકમ (ઈન્જકશન ઓર્ડર) પસાર કરવામાં આવશે. હવે આ કેસની આગામી સુનાવણી ૧૫ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ થશે.નોંધનીય છે કે, મનાઈ હુકમ એ કોર્ટનો આદેશ છે, જેમાં કોઈને ગેરકાયદેસર અથવા અનધિકૃત કામ રોકવા માટે કહેવામાં આવે છે.

'ઐશ્વર્યા નેશન વેલ્થ કંપની'એ લેટરહેડ પર ફોટો મૂક્યો

એડવોકેટ સંદીપ સેઠીએ કોર્ટને જણાવ્યું હતું કે, 'ઐશ્વર્યા નેશન વેલ્થ' નામની કંપનીએ લેટરહેડ પર એક્ટ્રેસનો ફોટો લગાવ્યો હતો અને તેમને ચેરપર્સન તરીકે ઓળખાવ્યા હતા.' તેમણે કહ્યું હતું કે, 'મારા ક્લાયન્ટને આ વિશે કોઈ જાણકારી નથી. આ સંપૂર્ણ ફ્રોડ છે.'નોંધનીય છે કે, મે મહિનામાં એક્ટ્રેસ જેકી શ્રોફે પણ કોર્ટનો સંપર્ક કર્યો હતો. તેમણે આરોપ લગાવ્યો હતો કે, તેમની છબી (ઈમેજ) અને વીડિયો બદલીને પરવાનગી વિના વસ્તુઓ વેચવામાં આવી રહી છે. તે સમયે, કોર્ટે તેમના વ્યક્તિત્વ અને પ્રચાર અધિકારોનું પણ રક્ષણ કર્યું હતું.

## સાયબર ક્રિમીનલો હંમેશા એક ડગ આગળ રહે છે તે સાબિત થયું

# ડબલડીપ! સાયબર ફ્રોડનો ભોગ બનનાર હેલ્પલાઈનના નામે છેતરાયો

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૯

ગુજરાત સહિત દેશભરમાં વધતા જતા સાયબર ક્રાઈમમાં રોજ સંખ્યાબંધ લોકો આ પ્રકારની છેતરપીંડીનો ભોગ બને છે અને સરકારે તેમાં હવે અનેક રીતે લોકોને સાયબર ક્રાઈમથી કઈ રીતે બચવું તે સમજ આપવા અનેક રીતે પ્રયાસ કરી રહ્યા છે પણ અહી સાયબર ક્રિમીનલો- એક ડગ આગળ હોવાનું પુરવાર થયુ છે અને તેમાં સંભવત પ્રથમ વખત એવો કિસ્સો બહાર આવ્યો છે કે એક વખત સાયબર ક્રાઈમનો ભોગ બન્યા હોય તે ફરી એવી જ પણ થોડી જુદા પ્રકારની રીતે સાયબર ક્રાઈમનો ભોગ બનીને નાણા ગુમાવ્યા છે.

સૌથી ચોંકાવનારી બાબત એ છે તેવા સાયબર ક્રાઈમમાં જે ૧૯૩૦-હેલ્પલાઈન- સરકારે આપી છે તેનાજ હેલ્પલાઈનના અધિકારી તરીકે ઓળખ આપીને આ છેતરપીંડી થઈ છે. જો કે આ સાયબર ક્રાઈમની હેલ્પલાઈનમાં પ્રથમ વખત છેતરાયેલા વ્યક્તિએ પોતાની સામે છેતરપીંડી થઈ તે માહિતી કેમ હ્લલીક' થઈ તે પણ પ્રશ્ન છે.

ગુજરાતમાં હવે નવો સાયબર ટાસ્ક ફોર્સ જે એન્ટી ટેરરીસ્ટ સ્કવોડની જેમ એક પણ યુનિટ તૈયાર કરાયુ છે તેના એક ઉચ્ચ અધિકારીએ આ નવી મોડેલ ઓપરેન્ડીનો ખુલાસો કર્યો છે. પોલીસના જણાવ્યા મુજબ સાયબર ફ્રોડ કરનારાઓ હવે જેઓ આ પ્રકારની હેલ્પલાઈનમાં ફરિયાદ નોંધાવે છે તેને પણ સપડાવી રહ્યા છે.

જેમાં પ્રથમ વખત આ પ્રકારે નાણા ગુમાવનારે ૧૯૩૦ હેલ્પલાઈનમાં પક્ષની ફરિયાદ નોંધાવ્યા બાદ થોડા જ દિવસમાં તેને આ હેલ્પલાઈનના અધિકારીને નામે કોલ આપ્યો હતો. જેમાં તેણે અગાઉ નોંધાયેલી ફરિયાદનો રેફરન્સ અપાયો હતો તથા પોતાને સાયબર-અધિકારી તરીકે ઓળખાવનાર વ્યક્તિએ ફ્રોડ ખમનારને જણાવ્યું કે તેના ગુમાવેલા નાણા ટ્રેસ થઈ ગયા છે અને તે પરત આપી દેવા જો પણ હવે સતાવાર રીતે ફરિયાદ નોંધવા માટે એક લીંક પર તેણે બેંક ખાતા વિ.ની માહિતી આપવાની છે.



### ૧૯૩૦ તમોને કદી લીંક મોકલતી નથીઃ સાવધાની જરૂરી

★ ૧૯૩૦ એ સાયબર ફ્રોડ સામે ફરિયાદની હેલ્પલાઈન છે પણ તમો તેમાં કોઈ ફરિયાદ કરો તો બાદમાં સાયબર સેલ કે નજીકના પોલીસ સ્ટેશન મારફત સીધો સંપર્ક કરાય છે. તમોને કોઈ લીંક વોટસએપ કે અન્ય રીતે મોકલતી નથી તેથી આ પ્રકારની લીંક મળે તો તે ફ્રોડ છે તે નિશ્ચિત છે. ★ ઉપરાંત વોટસએપ પર કોઈ હ્લઓફિશ્યલ' નામે લીંક મળે તો પણ તેને ખોલતા નથી.★ રીકવરી માટેની એક પ્રક્રિયા છે જયાં સ્થાનિક પોલીસ સંકળાય છે. ઓનલાઈન થતી નથી.★ ૧૯૩૦ એ સતાવાર છે પણ તેના જેવા ભળતા નંબર પર જતા નહી.★ તમારા કેસ નોંધવા માટે નજીકના પોલીસ સ્ટેશન કે સાયબર સેલમાં જઈ શકો છો.

જેથી નાણા બેંકમાં જમા કરાવી શકાશે. વાસ્તવમાં આ લીંક જે તે ફ્રોડનો ભોગ બનનારના મોબાઈલને દૂરથી રીમોટ-કંટ્રોલ કરી શકાય અને તેનો મહત્વનો ડેટા પણ ઉઠાંતરી કરી શકાય તે પ્રકારની હતી અને જેથી ફ્રોડ ભોગ બનનારે તેની વિગતો આ લીંગ પરના ફોલ્ડરમાં ભરી તો તુર્તજ તેનો ફોન હ્લહેક' થઈ ગયો અને મિનિટોમાં તેના ખાતામાંથી વધુ રૂા.૮૦૦૦ ટ્રાન્સફર થઈ ગયા હતા.

આમ અગાઉ રૂા.૧.૫૦ લાખ ગુમાવનારે તે પરત મેળવવામાં વધુ રૂા.૮૦૦૦૦ ગુમાવ્યા હતા. આમ હવે હેલ્પલાઈનના નામે પણ સાયબર ફ્રોડ થવા લાગ્યા છે. જેમાં પોતાના ગુમાવેલા નાણા પરત મેળવવા માટે હેલ્પલાઈન પર જાય તેવોજ આ પ્રકારે ફરી સાયબર ફ્રોડનો ભોગ બની રહ્યા છે. આ પ્રકારના કોલ પણ આંતરરાષ્ટ્રીય વોઈસ ઓવર ઈન્ટરનેટ પ્રોટોકોલ (વીવીઆઈપી) ટેકનોલોજીનો ઉપયોગ કરીને કરાયો.

હવે ગુજરાત સાયબર યાસ્ક ફોર્સ અન્ય રાજયોની સાયબર પોલીસને સાવધ કરી છે. આ પ્રકારની છેતરપીંડીથી બચવાનો માર્ગ છે જે સાયબર પોલીસ છે તે અમોને ગુમાવેલા નાણા પરત મેળવવા કે કોઈ માહિતી માટે કોઈ વોટસએપ લીંક મોકલતી જ નથી તેથી આ પ્રકારે લીંક આવે તો તે ફ્રોડ જ છે તે નિશ્ચિત છે.

સાયબર પોલીસ તમારો નજીકના પોલીસ સ્ટેશન કે સાયબર સેલથી રૂબરૂ જ સંપર્ક કરે છે. આમ હવે આ સાયબર ફ્રોડમાં વધુ ડબલ ડીપ કૌભાંડ બહાર આવ્યું છે. સાયબર ક્રીમીનલ હવે જે રીતે વધુ ચાલાકી અપનાવે છે તેમાં તમારી સાવધાની જ મહત્વની છે.

## રાજકોટના ત્રણે ધારાસભ્યો કાનગડ, દર્શિતાબેન, રમેશભાઇ ગૃહમંત્રી હર્ષ સંઘવીને મળ્યા : લોકો માટે મુશ્કેલીજનક ન બને તેવો નિર્ણય લેવા લેખિતમાં રજૂઆત કરી

# દંડને બ્રેક : હેલ્મેટના નિયમનો અમલ જનજાગૃતિથી થશે : લોકરોષનો પડઘો

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૯

રાજકોટમાં ગઈકાલે ૮ સપ્ટેમ્બરે પોલીસે હેલ્મેટ કાયદાના અમલ માટે પછાડેલા ધોકાના પડઘા શહેરીજનોમાં ઘેરા પડયા છે. આ પડઘાની ગુંજ ભાજપ સરકાર સુધી પહોંચી છે અને આજે આ આકરા કાયદાની અમલવારી ઠંડી પડી છે.

રાજકોટ ભાજપના ધારાસભ્યો આજે બપોરે ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવીને મળ્યા હતા અને રાજકોટમાં દંડના રસ્તે કાયદાની અમલવારીના બદલે જનજાગૃતિના પ્રયાસો વધારવા સૂચન કર્યુ હતું. જે વિશાળ લોકહિતને ધ્યાનમાં રાખીને સરકારે સ્વીકારીને હાલ હેલ્મેટ કાયદાની દંડનીય કડક અમલવારી નહીં કરવા ખાતરી આપ્યાનું જાણવા મળ્યું છે.

ગઈકાલે પુરા શહેરમાં પોલીસ દળો ઉતરી પડયા હતા અને લગભગ ચાર હજાર જેટલા ટુ વ્હીલર ચાલકો સામે નિયમના ભંગ બદલ કેસ અને દંડ કરતા મોટો ઉહાપોહ થઈ ગયો હતો અનેક રાજમાર્ગ પર પોલીસ સાથે માથાકૂટ થઈ હતી. માથા પર બોજ જેવી હેલ્મેટ જે શહેરમાં વાહનો માંડ ૨૦થી ૨૫ કિ.મી.ની ઝડપે દોડી શકે છે અને તેમાં પણ ખાડાઓની મહેરબાનીથી ઘટાડો થઈ ગયો છે.

ત્યારે આ કાયદાની અમલવારી કેટલે અંશે વાજબી તે સવાલ ઉઠયો હતો. ભાજપના ચૂંટાયેલા લોકો પણ આ હાલત અને હકીકતથી વાકેફ હતા પરંતુ સત્તાધારી પક્ષમાં બેઠા હોવાથી કોઈ જાહેરમાં ખરી વાતને પણ ટેકો આપી શકયા ન હતા પરંતુ સીધી સરકારમાં વાત કરવા નકકી કર્યુ હતું.

આ દરમ્યાન રાજકોટ-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડે લોકોને પડેલી મુશ્કેલી અંગે ટેલીફોનિક રજુઆત કરી આજે બપોરે મળવાનો સમય પણ માંગ્યો હતો. આજે બપોરે ઉદય કાનગડ, રાજકોટ-૬૯ના ધારાસભ્ય ડો. દર્શિતા શાહ, રાજકોટ-૭૦ના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવીને મળ્યા હતા અને લોકોની લાગણી પહોંચાડી હતી.

આમ તો જન્માષ્ટમીના દિવસોમાં જ રાજકોટમાં ૮ સપ્ટેમ્બરથી હેલ્મેટના નિયમનો અમલ થશે તેવું પોલીસે જાહેર કર્યુ હતું. રસ્તા પર હોર્ડિંગ બોર્ડ મુકીને સૌને નવી આદત માટે તૈયાર થવા સંદેશો આપ્યો હતો. ઉચ્ચ પોલીસ અધિકારીઓએ હેલ્મેટ સાથે રેલી પણ યોજી હતી. પરંતુ આ સમયે પણ લોકો શહેરના ગીચ ટ્રાફિકમાં, ટુંકા અંતરમાં હેલ્મેટ પહેરવા તૈયાર નહીં થાય તેવું જ વાતાવરણ હતું.

હેલ્મેટ પહેરવાથી સલામતી જરૂર વધતી હશે પરંતુ લોકોના પ્રશ્નો તેનાથી વધી જાય છે તેવું ભુતકાળમાં પણ સાબિત થયું છે. આ વખતે તો સ્કુટરમાં બેઠેલા બંને વ્યકિતઓ માટે ફરજીયાત હેલ્મેટ જાહેર કરાઈ હતી. એક વ્યકિત પણ લાંબો સમય સતત હેલ્મેટ પહેરે તો થાકી જવાથી માંડી ગભરામણના પ્રશ્નો પણ થતા હતા. ગઈકાલે પોલીસે પ્રથમ દિવસે એવી અમલવારી કરી કે પુરા રાજકોટમાં દેકારો બોલી ગયો હતો.

મોડી સાંજ સુધી લોકો ભયભીત હતા અને અનેક જગ્યાએ તો હેલ્મેટ નહીં જ પહેરે તેવું કહીને પોલીસ સાથે રકઝક કરી હતી. જાગૃત નાગરિકોએ તો કાયદો લોકો માટે હોય છે, લોકો કાયદા માટે હોતા નથી.. આવું જ્ઞાન પોલીસને યાદ પણ કરાવ્યું હતું.




દરમ્યાન આ લોક રોષના પડઘા ઝીલવાની તક વિરોધ પક્ષે પણ ઝડપી લીધી હતી. આ વિરોધ જનઆંદોલન રૂપે ચાલુ રહે તેવું લાગતા ભાજપની નેતાગીરી પણ ચિંતામાં પડી હતી. દરમ્યાન ગત સાંજથી ધારાસભ્યો એલર્ટ બન્યા હતા અને સરકાર સાથે વાતચીત શરૂ કરી હતી. આજે બપોરે ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવીનો સમય મળતા ઉદય કાનગડ, ડો. દર્શિતા શાહ અને રમેશભાઈ ટીલાળા તેમને મળ્યા હતા અને રાજકોટના લોકોની લાગણી સાથેની હેલ્મેટ કાયદા અંગેની રજુઆત પત્રથી કરી હતી.

જેના પ્રતિભાવમાં ગૃહપ્રધાને આજથી કાયદાના અમલ માટે દંડનીય કાર્યવાહી નહીં થાય અને તેના બદલે પોલીસ મારફત જનજાગૃતિના પ્રયાસો કરાશે તેવી ખાતરી આપી હતી.

ઉદય કાનગડે જણાવ્યું હતું કે, હાલ ચોમાસાની ઋતુમાં ભીના રસ્તા, પાણી ભરાવા અને વધતી અવરજવર વચ્ચે નાગરિકોને હેલ્મેટ કાયદાની કડક અમલવારી મુશ્કેલીજનક સાબિત ન થાય તે માટે ધ્યાન દોર્યુ હતું.

સરકાર પણ જનહિત માટે સંવેદનશીલ છે અને પ્રજાની સુવિધા માટે યોગ્ય નિર્ણય લેતી રહી છે. આ લાગણી સાથે ગૃહમંત્રીને હેલ્મેટ કાયદાની કડક અને દંડનીય અમલવારી મોકુફ રાખવા રજુઆત કરતા સરકારે હકારાત્મક પ્રતિભાવ આપીને હાલ હેલ્મેટના અમલ માટે દંડ તથા ઈ-મેમો રોકવા સૂચના આપી છે.

## પશ્ચિમ રેલવે - વડોદરા મંડળ

**"જાહેરાત" ના કરાર માટે ઈ-હરાજી**

"જાહેરાત"ના કરાર માટે ઈ-હરાજી **26.09.2025** ના રોજ યોજાશે. ઈ-હરાજી **26.09.2025** ના રોજ **11:00 કલાકે** શરૂ થશે. કેટલોગ **www.ireps.gov.in** વેબસાઈટ પર પહેલાથી જ પ્રકાશિત થઈ ગયો છે. વિગતો નીચે મુજબ આપવામાં આવી છે:-

| કેટલોગ નંબર: ADVT - BRC - 260925 | કરારનો સમયગાળો: 05 વર્ષtract period: 05 years |
|---|---|

| લોટ નં. | વર્ણન |
|---|---|
| ADVT-BRC-ANND-OH-10-25-1 (જાહેરાત - આઉટ ઓફ હોમ ) | આણંદ રેલવે સ્ટેશનના ફરતા વિસ્તારમાં હોર્ડિંગ્સ દ્વારા વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર. |
| ADVT-BRC-EKNR-OH-21-25-1 (જાહેરાત - આઉટ ઓફ હોમ ) | એકતા નગર રેલવે સ્ટેશનના ફરતા વિસ્તારમાં વિવિધ માધ્યમો દ્વારા વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર. |
| ADVT-BRC-CYI-OH-23-25-1 (જાહેરાત - આઉટ ઓફ હોમ ) | છાયાપુરી રેલવે સ્ટેશનના ફરતા વિસ્તારમાં હોર્ડિંગ્સ દ્વારા વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર. |
| ADVT-BRC-VS-OH-92-25-1 (જાહેરાત - આઉટ ઓફ હોમ ) | વડોદરા શહેરના વિસ્તારમાં પ્રતાપનગર પુલની માંડવી બાજુએ આરઓબી નંબર 5A નજીક હોર્ડિંગ્સ દ્વારા વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર. |
| ADVT-BRC-AKV-OH-290-25-1 (જાહેરાત - આઉટ ઓફ હોમ ) | અંકલેશ્વર રેલવે સ્ટેશનના ફરતા વિસ્તારમાં (પૂર્વ અને પશ્ચિમ બાજુ) હોર્ડિંગ્સ દ્વારા વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર. |
| ADVT-BRC-BH-OH-301-25-1 (જાહેરાત - આઉટ ઓફ હોમ ) | ભરૂચ અને અંકલેશ્વર રેલવે સ્ટેશનના ફરતા વિસ્તારમાં (પૂર્વ બાજુ) પાણીની ટાંકી પર દિવાલ પેઈન્ટિંગ દ્વારા વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર. |
| ADVT-BRC-AKV-OSN-268-24-1 જાહેરાત - સ્ટેશન પરિસરમાં (નોન-ડિજિટલ)) | અંકલેશ્વર - ઉતરન વિભાગના કોસંબા, કીમ, પનોલી, સાયણ, ગોઠણગામ, કોસાદ અને ઉતરન સ્ટેશનો પર સ્ટેશન બિલ્ડિંગની અંદર સાઇન બોર્ડ દ્વારા વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર. |
| ADVT-BRC-BH-OSN-269-24-1 જાહેરાત - સ્ટેશન પરિસરમાં (નોન-ડિજિટલ)) | વિશ્વામિત્રી-ભરૂચ સેક્શનના વિશ્વામિત્રી, મકરપુરા, ઇટોલા, મિયાગામ-કરજણ, પાલેજ અને નબીપુર સ્ટેશનો પર સ્ટેશન બિલ્ડીંગની અંદર સાઇન બોર્ડ દ્વારા વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર. |
| ADVT-BRC-GER-OSN-270-24-1 જાહેરાત - સ્ટેશન પરિસરમાં (નોન-ડિજિટલ)) | નડિયાદ-ગેરતપુર સેક્શનના ગોથજ, મહેમદાવાદ ખેડા રોડ, નેનપુર, કનીજ, બારેજડી અને ગેરતપુર સ્ટેશનો પર સ્ટેશન બિલ્ડીંગની અંદર સાઇન બોર્ડ દ્વારા વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર. |
| ADVT-BRC-VDA-OSN-271-24-1 જાહેરાત - સ્ટેશન પરિસરમાં (નોન-ડિજિટલ)) | વાસદ અને બાજવા સ્ટેશનો પર સ્ટેશન બિલ્ડીંગની અંદર સાઇન બોર્ડ દ્વારા વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર. |
| ADVT-BRC-BRC-OSN-297-25-1 જાહેરાત - સ્ટેશન પરિસરમાં (નોન-ડિજિટલ)) | વડોદરા રેલવે સ્ટેશનના એસ્કેલેટરની બાજુની દિવાલ પર સ્ટીકર દ્વારા નોન-ડિજિટલ જાહેરાત માટેનો કરાર. |
| ADVT-EFF-287390-1-25-1 (જાહેરાત-ટ્રેનની બહાર (ફૂલ ફેસ)) | એકતાનગર-નિઝામુદ્દીન એક્સપ્રેસ ટ્રેન નં.20945/20946 વચ્ચે વિનાઈલ રેપિંગ દ્વારા ગુજરાત સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસના બાહ્ય ભાગ પર વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર. |
| ADVT-IntExt-86019-24-2 (જાહેરાત - ટ્રેનની અંદર અને બહાર) | ટ્રેન નં: 22929/22930 (વડોદરા-દહાણુ રોડ-વડોદરા) એક્સપ્રેસ ટ્રેનના બાહ્ય ભાગમાં વિનાઈલ રેપિંગ દ્વારા વાણિજ્યિક જાહેરાતો પ્રદર્શિત કરવાનો કરાર અને આંતરિક ભાગમાં સ્ટીકરો ટ્રાન્સફર કરવાનો કરાર. |
| ADVT-LOCO-BRC-BRCY-298-25-1 (જાહેરાત - LOCO બહાર) | ઈલેક્ટ્રિક લોકો શેડ વડોદરા યાર્ડ, વડોદરામાં જાળવવામાં આવેલ ઈલેક્ટ્રિક લોકોમોટિવ (WAP-5) પર બ્રાન્ડિંગ દ્વારા વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર.(લોકો નં.30064) |
| ADVT-LOCO-BRC-BRCY-299-25-1 (જાહેરાત - LOCO બહાર) | ઈલેક્ટ્રિક લોકો શેડ વડોદરા યાર્ડ, વડોદરામાં જાળવવામાં આવેલ ઈલેક્ટ્રિક લોકોમોટિવ (WAP-5) પર બ્રાન્ડિંગ દ્વારા વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર.(લોકો નં.30069) |
| ADVT-LOCO-BRC-BRCY-300-25-1 જાહેરાત - LOCO બહાર) | ઈલેક્ટ્રિક લોકો શેડ વડોદરા યાર્ડ, વડોદરામાં જાળવવામાં આવેલ ઈલેક્ટ્રિક લોકોમોટિવ (WAP-5) પર બ્રાન્ડિંગ દ્વારા વાણિજ્યિક જાહેરાત પ્રદર્શિત કરવા માટેનો કરાર.(લોકોનંબર 30153) |

BRC 178

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૬૭ તાલુકામાં સવા છ ઇંચ સુધીનો વરસાદ

# ગુજરાતમાં સિઝનનો ૧૦૭.૭૨ ટકા વરસાદ : સૌરાષ્ટ્રમાં હજુ ૯૩.૩૬ ટકા

અમદાવાદ, તા.૯

ગુજરાતમાં ચોમાસાનો વરસાદ સરેરાશથી વધી જ ગયો છે. છેલ્લા બે દિવસ દરમ્યાન ઉત્તર ગુજરાત તથા કચ્છને ધમરોળ્યા બાદ આજે મોટા ભાગના વિસ્તારોમાં જોર ધીમુ પડી ગયું છે ત્યારે રાજ્યમાં સિઝનનો અત્યાર સુધીનો વરસાદ ૧૦૭.૭૨ ટકાએ પહોંચી ગયો છે. રાજ્યના પાંચ ઝોનમાંથી એક માત્ર સૌરાષ્ટ્ર ઝોનમાં જ હજુ સુધી ૧૦૦ ટકા વરસાદ થઈ શકયો નથી. કચ્છ ૧૩૪.૩૮ ટકા વરસાદ સાથે સૌથી વધુ વરસાદ ધરાવતો ઝોન બન્યો છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના રિપોર્ટ પ્રમાણે ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૨૦ જિલ્લાના ૬૭ તાલુકામાં હળવો-ભારે



વરસાદ નોંધાયો હતો. મુખ્યત્વે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ તથા કચ્છમાં જ ભારે અને સાર્વત્રિક વરસાદ પડયો હતો.ડિપ્રેશનની સિસ્ટમની અસર હેઠળ આ ક્ષેત્રમાં વરસાદી દૌર જારી રહ્યો હતો પરંતુ હવે સિસ્ટમ આગળ સરકતા ત્યાં પણ વરસાદનું જોર ધીમુ પડી ગયું છે. છેલ્લા ૨૪ કલાકમાં કચ્છના લખપતમાં સૌથી વધુ ૧૫૯ મીમી પાણી વરસ્યુ હતું. આ સિવાય રાપરમાં ૧૨૧ મીમી, નખત્રાણા-ભચાઉમાં ૧૦૫ મીમી, ગાંધીધામમાં ૯૫ મીમી, ભુજમાં ૮૬ મીમી, અંજારમાં ૭૮ મીમી, અબડાસામાં ૬૧ મીમી, માંડવીમાં ૩૮ મીમી તથા મુંદ્રામાં ૩૪ મીમી વરસાદ નોંધાયો હતો.પાટણમાં રાધનપુર ખાતે ૫૮ મીમી તથા સાંતલપુરમાં ૭૫ મીમી વરસાદ નોંધાયો હતો. બનાસકાંઠાના ભાભરમાં ૧૩૪ મીમી તથા દીયોદર અને થરાદમાં ૫૦-૫૦ મીમી પાણી વરસ્યુ હતું અન્યત્ર હળવા-ભારે ઝાપટા પડયા હતા. સૌરાષ્ટ્ર દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં મુખ્યત્વે હળવા-ભારે ઝાપટા પડયા હતા.


હવામાન વિભાગના રીપોર્ટ પ્રમાણે સપ્ટેમ્બરના પ્રથમ આઠ દિવસમાં રાજયમાં સરેરાશ ૬ ઈંચ વરસાદ વરસી ગયો છે અને સિઝનનો અત્યાર સુધીનો કુલ વરસાદ ૯૪૯.૯૪ મીમી થવા જાય છે. રાજયમાં સીઝનના વરસાદની સરેરાશ ૮૮૧.૮૪ મીમી હોય છે. તેની સરખામણીએ ૧૦૭.૭૨ ટકા વરસાદ થઈ ગયો છે.

ઝોનવાઈઝ વરસાદ પર નજર કરવામાં આવે તો કચ્છમાં સૌથી વધુ ૧૩૪.૩૮ ટકા વરસાદ નોંધાયો છે. બીજા ક્રમે ઉત્તર ગુજરાતમાં ૧૧૮.૭૨ ટકા, મધ્ય ગુજરાતમાં ૧૧૦.૧૦ટકા, દક્ષિણ ગુજરાતમાં ૧૧૦.૭૦ ટકા પાણી વરસ્યુ છે. એક માત્ર સૌરાષ્ટ્ર ઝોનમાં હજુ ૧૦૦ ટકા વરસાદ થયો નથી અને અત્યાર સુધીમાં સરેરાશ ૯૩.૩૬ ટકા નોંધાયો છે. સૌરાષ્ટ્રમાં સિઝનમાં સરેરાશ ૭૪૮ મીમી વરસાદ વરસતો હોય છે. તેની સરખામણીમાં અત્યાર સુધીમાં ૬૯૮.૧૦ મીમી વરસાદ નોંધાયો છે. મહત્વની બાબત એ છે કે, રાજયના તમામ ૨૫૧ તાલુકાઓમાં ઓછામાં ઓછો ૧૦ ઈંચ કે તેથી વધુ વરસાદ નોંધાયો છે. ૨૩ તાલુકામાં ૧૦થી ૨૦ ઈંચ વરસાદ પડયો છે. જયારે ૧૪૪ તાલુકામાં ૨૦ થી ૪૦ ઈંચ વરસાદ નોંધાયો છે. ૮૪ તાલુકામાં ૪૦ ઈંચથી વધુ વરસાદ વરસી ગયો છે.

# સંસાર ઉપર વૈરાગ્ય લાવવા માટે જન્મ,મૃત્યુ,જરા,વ્યાધિના દુ:ખનો વિચારએ જ એક ઉપાય છે



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**



આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જીવનાં બધન અને મોક્ષનું કારણ મનને જ માનવામાં આવ્યું છે.મન જો વિષયોમાં આસક્ત થાય તો તે બંધનનું કારણ બને છે અને એ જ મન જો પરમાત્મામાં આસક્ત થઈ જાય તો તે મોક્ષનું કારણ બની જાય છે.

ભગવાન શરીર જોતા નથી, ઘર જોતા નથી, ભગવાન કાળજું જુએ છે.મન મોટું હોય તો ભગવાન આવે છે. મનમાં રહેલી અહંતા-મમતા, પારકો-મારો જ મનને દુ:ખી કરે છે અને તે મનના ધર્મો આત્મ સ્વરૂપમાં ભાસે છે, તેથી આત્મા પોતાને સુખી દુ:ખી માને છે. પરંતુ વાસ્તવિક આત્મા તો આનંદરૂપ છે.

પાપ કરવાની કોઈને પ્રેરણા કરવી પડતી નથી, ત્યારે પુણ્ય કરવાની પ્રેરણા કરવી પડે છે. કારણ કે મન અધોગામી છે.મનુષ્યનું મન પાણી જેમ ઢાળ તરફ વહે છે જળની જેમ મન પણ અધોગામી એટલે નીચે જવાવાળા સ્વભાવનું છે. મનનો સ્વભાવ એવો છે કે ઊંચે ચડતું નથી,નીચે જાય છે.પણ આ મનને ઉપર ચડાવવાનું છે. પરમાત્માના ચરણ સુધી લઈ જવાનું છે. પાણીને યંત્રનો સંગ થાય તો પાણી ઊંચે ચડે છે. તેમ મંત્રના સંગથી મન ઊંચે ચડે છે. મનને મંત્રનો સંગ આપો. મનને મંત્રનો સંગ થાય તો અધોગતિ મન ઊર્ધ્વગામી બનશે. જેણે પોતાનું મન સુધાર્યું તે બીજાને સુધારી શકે છે. મનને સુધારવા બીજું સાધન નથી. મનને ઊલટું કરવાથી થશે નમ! નમ એટલે નમન-નમ્રતા દીનતા. નમ અને નામ મનને સુધારશે.માટે મનને સ્થિર કરવા નામ જપની આવશ્યકતા છે. જપથી મનની મલિનતા અને ચંચળતા દૂર થાય છે. માટે કોઈ મંત્રનો જાપ કરો. સંસારના વિષયોના સંગથી બગડેલું મન ઈશ્વરનું ધ્યાન કરવાથી સુધરે છે.સર્વના અંતરમાં પરમાત્મા રહેલા છે, તેમ છતાં તે સર્વનાં દુ:ખ દૂર કરતા નથી તેમ અંદર બિરાજી રહેલા ચૈતન્યરૂપ પરમાત્મા મન બુદ્ધિને પ્રકાશ આપે છે.ભગવાનનું સ્વરૂપ એવું તેજોમય છેકે આપણા જેવા સાધારણ જીવો તે જોઈ શકે નહીં.ભગવાનનું સગુણ સ્વરૂપ તેજોમય હોવાથી જોઈ શકાતું નથી, તેથી આપણા જેવા માટે તો ભગવાનનું નામ સ્વરૂપ, મંત્ર સ્વરૂપ ઈષ્ટ છે. ભગવાન ભલે પોતાના સ્વરૂપને છુપાવી શકે પણ નામને છુપાવી શકતા નથી. સ્વરૂપ પ્રગટ છે માટે પરમાત્માના કોઈ નામનો દૃઢ આશ્રય કરો.મન લૌકિકવાસનાથી બગડ્યું છે તે અલૌકિક વાસના જાગશે તો સુધરશે. કાંટાથી કાંટો નીકળે તેમ વાસનાનો નાશ વાસનાથી જ કરવો પડે છે. લૌકિક વાસના અલૌકિક વાસનાથી જ નીકળે છે. અસદ્ વાસનાનો વિનાશ સદ્વાસનાથી થાય છે.મારે જન્મ મરણ ફેરામાંથી મુક્ત થવું છે. મારે ગોલોક ધામમાં જવું છે. મારે આ જન્મમાં પરમાત્માનાં દર્શન કરવાં છે.આવી ભાવના રાખો તો લૌકિક વાસના માં ફસાયેલું મન સુધરે છે. ફિલ્મ જોવાની વાસના કાઢવી હોય તો પરીક્ષામાં પહેલેનંબરે પાસથવાની ઈચ્છા રાખવી. એવી ઈચ્છાથી પુસ્તક સંગ લાગશે. પુસ્તક સંગ થી ફિલ્મ જોવાની ઈચ્છા છૂટી જશે. વેરથી વેર નથી શમતું પણ પ્રેમથી વેર શમે છે તે આ જ પ્રમાણે.

એક રાજાને ત્યાં એક બકરો હતો. રાજાએ જાહેર કર્યુ કે, આ બકરાને પેટ ભરીને જંગલમાંથી કોઈ ચરાવી લાવશે તેને હું મારું અડધું રાજય આપીશ. જાહેરાત સાંભળી તરત એક મનુષ્ય રાજા પાસે આવ્યો. બકરાને પેટ ભરીને ચરાવવું એમાં શું મોટી વાત છે! એમ કહી રાજા પાસેથી તે બકરા ને ચરાવવા લઈ ગયો. તેણે આખો દિવસ સુંદર સુંદર ઘાસ બકરાને ખવડાવ્યું પછી સાંજના તે મનુષ્ય બકરાને રાજા પાસે લાવ્યો. રાજાએ થોડું લીલું લીલું ઘાસ બકરા પાસે મૂક્યું છે. બકરો ઘાસ ખાવા લાગ્યો. રાજાએ પેલા મનુષ્યને કહ્યું કે,તેં ક્યાં પેટ ભરીને ખવડાવ્યું છે?પેટ ભરીને ખવડાવ્યું હોત તો તે ઘાસ ખાત જ નહીં.

ઘણા માણસોએ પ્રયત્ન કરી જોયા,બકરાને ખૂબ ખવડાવીને લાવે પણ બકરાને ઘાસ નાખે કે બકરો તે ખાવા ધસે જ.

એક સત્સંગીને લાગ્યું કે, રાજાની આ જાહેરાત પાછળ જરૂર કંઈક રહસ્ય છે.હું યુક્તિથી કામ લઈશ તે બકરાને ચરાવવા લઈ ગયો. બકરા ઘાસ ખાવા જાય કે તરત તેના મોઢા ઉપરએ લાકડીનો ફટકો મારે.બકરાએ જેટલી વખત ઘાસ ખાવાનો પ્રયત્ન કર્યો તેટલી વખત લાકડી ના ફટકા મોઢા ઉપર પડ્યા.અંતે બકરાને ઠસી ગયું કે, ઘાસમાં મુખ નાખીશ તો મને માર પડશે.

સાંજના સત્સંગી બકરાને લઈ રાજા પાસે આવ્યો.

રાજાએ બકરાને ઘાસ ખાવા નાખ્યું. પણ બકરાએ ઘાસ તરફ જોયું સુદ્ધાં નહીં. તેને બીક હતી કે ઘાસ ખાવા જઈશ તો માર પડશે.

એ બકરો તે આપણું મન. બકરાને ઘાસ ચરાવવા લઈ જનારો જીવાત્મા રાજા એ પરમાત્મા. મનને મારો, તેના ઉપર અંકુશ રાખો. મનને વિવેકરૂપી લાકડી રોજ મારો. મન અહંતા-મમતાથી ભરેલું છે. મન માગે ત્યારે મનને વિવેકરૂપી લાકડી મારશો, તો તે વશ થશે.

રામદાસ સ્વામીએ મનને બોધ આપ્યો છે.દૃઢ વૈરાગ્ય,તીવ્ર ભક્તિ અને યમનિયમાદિના અભ્યાસથી ચિત્ત વશ થાય અને સ્થિર થાય છે, અને છેવટે પ્રકૃતિ ધીમે ધીમે અદૃશ્ય થાય છે. સંસાર ઉપર વૈરાગ્ય લાવવા માટે જન્મ, મૃત્યુ, જરા,વ્યાધિના દુ:ખનો વિચાર એ જ એક ઉપાય છે.આ જગતમાં સુખી થવાના બે જ માર્ગ છે એક જ્ઞાનમાર્ગ અને બીજો ભક્તિ માર્ગ.જ્ઞાનમાર્ગ કહે છેકે,સર્વ છોડીને પરમાત્માપાછળ પડો.વૈરાગ્ય વગર જ્ઞાન મળતુંનથી જ્ઞાનમાર્ગમાં વૈરાગ્ય મુખ્ય છે.જ્ઞાન માર્ગમાં બધું છોડી દેવાનું છે. જ્ઞાની બધું છોડી દે છે અને એક ભગવાનને પકડી રાખે છે. જ્ઞાન માર્ગમાં ત્યાગ મુખ્ય છે.

ભક્તિમાર્ગ કહે છેકે,સર્વનો ત્યાગ કરવો એ અઘરું છે. એના કરતાં સર્વમાં ઈશ્વર છે એમ માની સર્વ સાથે ભાગવત ભાવ રાખી સર્વ સમર્પણ કરવું.ભક્તિમાર્ગમાં સમર્પણ મુખ્ય છે.ભક્તિમાર્ગના આચાર્ય શ્રીકૃષ્ણ છે. ભગવાન શ્રીકૃષ્ણ સર્વ ઉપર પ્રેમ કરે છે. ભક્તિમાર્ગમાં સર્વ સાથે પ્રેમ કરવાનો હોય છે. ભગવાન જેવો પ્રેમ કરનાર કોઈ થયો નથી અને થવાનો નથી.એક વખત ભૃગુઋષિ વૈકુંઠમાં આવ્યા. ભગવાન સૂતેલા છે.લક્ષ્મીજી ચરણની સેવા કરે છે આને મોટો દેવ કોણ કહે?આવેલા પરીક્ષા કરવા એટલે એકદમ આવીને ભગવાનની છાતી ઉપર એમણે લાત મારી. ભૃગુઋષિએ છાતીમાં લાત મારી તેમ છતાં છાતીમાં લાત મારનાર ઉપર પણ મારો કનૈયો પ્રેમ કરે છે તેવું માન્યું. ભગવાન કહેછે,મારી છાતી સખત અને તમારા ચરણ કોમળ. તમારાં ચરણને દુ:ખ થયું હશે. જગતમાં આવો પ્રેમ કરનારો કોઈ છે? પણ માતાજીને જરા ખોટું લાગ્યું. આ કંઈ પરીક્ષા કરવાની રીત નથી.તેથી માતાજીએ બ્રાહ્મણોનો ત્યાગ કર્યો એટલે ઘણે ભાગે બ્રાહ્મણો ગરીબ હોય છે.જ્ઞાનીઓ માને છે કે,આ શરીર નો સંબંધ થયો એટલે દુ:ખ આવ્યું એટલે જ્ઞાનીઓ આ શરીર સાથે પણ પ્રેમ કરતા નથી.પ્રેમ કરવો હોય તો સર્વ સાથે પ્રેમ કરો અને કોઈ સાથે પ્રેમ ન કરવો હોય તો આ શરીર ઉપર પણ પ્રેમ ન કરવો અને એક પરમાત્મા ઉપર પ્રેમ કરવો.સર્વ સાથે પ્રેમ કરો અથવા સર્વનો ત્યાગ કરો. સર્વનો ત્યાગ તમારાથી ન થઈ શકે તો સર્વમાં ઈશ્વરનો ભાવ રાખી તેની સાથે પ્રેમ કરો.સર્વમાંથી મમતાનો ત્યાગ કરો અથવા સઘળું ઈશ્વર નેઅર્પણ કરી સર્વ કર્મ ફળનો ત્યાગ કરો.


દરેકમાં મમતા-મારાપણુંએ સમર્પણ માર્ગ. અમુકમાં જ મમતા એ સ્વાર્થ માર્ગ. આજે આ બધાં સ્વાર્થમાર્ગી બન્યા છે.સંસારમાંથી જે ન જાગે તેને કનૈયો મળતોનથી

ત્યારે જાગ્યો કોણ કહેવાય? જે મનથી વિષયસુખનો ત્યાગ કરી ભગવાનના નામનો જપ કરે તે. તુલસીદાસજી કહે છે, જ્યારે સઘળા વિષય-વિલાસો ઉપર વૈરાગ્ય આવે, ત્યારે સમજવું કે એ જીવ જગતમાં જાગ્યો છે.

# સુઈગામ-ભાભર-વાવ-થરાદમાં વરસાદી અસર બાદ રાહત-બચાવ કામગીરી પુરજોશમાં







(તસ્વીર-અહેવાલ : નવીન ચૌધરી, સુઇગામ)

(ગરવી તાકાત) સૂઈગામ તા.૯ બનાસકાંઠા જિલ્લાના સરહદી તાલુકાઓમાં છેલ્લા ત્રણ દિવસથી પવન સાથે ભારે વરસાદ નોંધાયો છે. ખાસ કરીને સુઈગામ, ભાભર, વાવ અને થરાદ તાલુકામાં વરસાદને કારણે ગામડાઓમાં પાણી ભરાવા સાથે નાગરિકો મુશ્કેલીમાં મુકાયા હતા. આજે વરસાદનું જોર ઘટ્યું છે તથા સ્થિતિ સામાન્ય થઈ રહી છે.

બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલના નેતૃત્વમાં જિલ્લા યુ.જી.વી.સી.એલ પાલનપુર સર્કલ હેઠળ યુદ્ધના ધોરણે વીજ પુરવઠો પુનઃસ્થાપન કામગીરી ચાલી રહી છે. આજે ૯ સપ્ટેમ્બર ૨૦૨૫ના સવારના ૧૦ વાગ્યા સુધી ૨૯૭ અસરગ્રસ્ત વિસ્તાર પૈકી ૧૩૩ ગામડાઓમાં વીજ પુરવઠો કાર્યરત કરાયો છે.

બાકીના ૧૬૪ ગામડાઓમાં વીજ પુરવઠાને કાર્યરત કરવા કામગીરી ચાલી રહી છે.

### સૂઇગામ પોલીસ સ્ટેશનના પીઆઇ એચ.એમ પટેલ સ્ટાફ અસરગસ્તો વ્હારે આવ્યા

## સૂઇગામ ભાભર દિયોદર સાથે એસ.ઓ.જી સહિત ટીમો ખડપગે લોકોની અવિરત સેવામાં

(ગરવી તાકાત) સૂઈગામ તા.૯ સરહદી વિસ્તારમાં સૂઈગામ તાલુકામાં છેલ્લા ત્રણ દિવસથી અતિભારે વરસાદ ના કારણે કેટલા ગામો સંપર્ક વિહોણા બન્યા હતા ત્યારે સૂઈગામ પીઆઈ શ્રી એચ.એમ.પટેલ અને તેમના સ્ટાફ દ્વારા સમય સૂચકતા જ જિલ્લા પોલીસ વડા પાસે બીજી વધુ પોલીસ ની મદદ માં જરૂરિયાત હોય જેથી જિલ્લા પોલીસ વડાએ તરત કાલી ભાભર પીઆઈ,દિયોદર પીઆઈ,સહિત જિલ્લા એસ.સો.જી ટીમને ફાળવીને તરત કાલી સૂઈગામ



(તસ્વીર-અહેવાલ : નવીન ચૌધરી, સુઇગામ)

ખાતે પહોંચ્યા હતા જેમાં સૂઈગામ પીઆઈ એચ.એમ.પટેલ ભરડાવા,જલોયા, નડાબેટ સહિતના ગામડાઓ સંપર્ક વિહાણો બન્યા હતા જેથી કરીને ભરડાવા ગ સૂઈગામ જલોયા, ગામના લોકોને ઊંચાણ વાળા વિસ્તારમાં ખસેડવામાં આવ્યા હતા ત્યારે સૂઈગામ પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.એમ પટેલ અને સ્ટાફ નો લોકોએ આભાર માન્યો હતો.

### થરાદમાં ભારે વરસાદ વચ્ચે એસ.ડી.એમ.ની ગાડી પાણીમાં ફસાઈ

## ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક રેસ્ક્યૂ કરી ગાડી, પાણી ભરાવાથી વાહનવ્યવહાર ખોરવાયો

(ગરવી તાકાત) થરાદ તા.૯ થરાદમાં ભારે વરસાદના કારણે ભાભર હાઈવે પર પરિસ્થિતિ વણસી છે. સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજ સામેના રોડ પર પાણી ભરાવાથી વાહનવ્યવહાર ખોરવાયો છે.સુઈગામ તરફ જતા રસ્તે ડીસાના એસડીએમ કિશનદાન ગઠવીની ગાડી પાણીમાં ફસાઈ ગઈ હતી. થરાદ નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમને જાણ થતાં તેઓ તરત જ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

ફાયર ઓફિસર વિરમજી રાઠોડે જણાવ્યું કે એસડીએમ પોતે



ગાડીમાંથી બહાર નીકળી ગયા હતા. ત્યારબાદ ફાયર ટીમે ગાડી અને ડ્રાઈવરને સલામત રીતે બહાર કાઢ્યા હતા. ગાડીને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવી હતી.

વરસાદી પરિસ્થિતિમાં ફાયર બ્રિગેડની ટીમ એલર્ટ મોડ પર છે. ગઈકાલે આખો દિવસ ભારે વરસાદ વચ્ચે પણ ટીમે લોકોની સુરક્ષા માટે સતત કામગીરી કરી હતી. ટીમ દરેક કટોકટીના કોલ પર તાત્કાલિક પ્રતિસાદ આપી રહી છે.

### મહેસાણા જિલ્લાના ખેડૂતો માટે સરદાર કૃષિનગર

## દાંતીવાડા કૃષિ મહાવિદ્યાલય ખાતે જિલ્લા બહારની એક દિવસીય તાલીમ યોજાઈ

(ગરવી તાકાત) મહેસાણા તા.૯ ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, મહેસાણા દ્વારા ગત તા. ૦૮/૦૯/૨૦૨૫ના રોજ સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ મહાવિદ્યાલય ખાતે મહેસાણા જિલ્લાના ખેડૂતો માટે જિલ્લા બહારની એક દિવસીય તાલીમ યોજાઈ હતી.

આ તાલીમ દરમિયાન ખેડૂતોને તેલબીયાં સંશોધન કેન્દ્ર તેમજ પ્રાકૃતિક ખેતી સંશોધન કેન્દ્રની મુલાકાત કરાવવામાં આવી હતી. નિષ્ણાતોએ ખેડૂતોને તેલબીયાં પાકો, દાળ તથા પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત પ્રાકૃતિક ખેતીના નવા પ્રયોગો,



સંશોધનના તાજેતરના પરિણામો અને ઉત્પાદનક્ષમતા વધારવા માટેની પદ્ધતિઓ વિશે મહત્વપૂર્ણ માહિતી ખેડૂતોને પ્રદાન કરવામાં આવી હતી.

આ તાલીમ દ્વારા ખેડૂતોને નવીન કૃષિ ટેકનિક તથા પ્રાકૃતિક ખેતીના ફાયદા અંગે સીધી સમજ મળી હતી, જે તેમના ખેતી કાર્યોમાં ઉપયોગી સાબિત થશે.

## ડિવાઇડર સાથે અથડાતાં બાઈક ચાલકનું મોત થયું

(ગરવી તાકાત) હિંમતનગર તા.૯ હિંમતનગરથી બાઈક લઈને અંબાજી દર્શન કરવા નીકળ્યા બાદ હિંગળાજ ગામની સીમમાં બાઈક સ્લીપ થઈ જતાં ડિવાઈડર સાથે અથડાતાં ચાલકને ગંભીર ઈજાઓ થતાં કરુણ મોત નિપજ્યું હતું.

હિંમતનગરના કાટવાડના તુલસીભાઈ રેવાભાઈનો દીકરો મયંક તા.૬-૦૯-૨૫ ના રોજ અંબાજી દર્શન કરવા બાઈક નંબર જીજે-૦૯-ડીએમ-૭૬૦૮ લઈને નીકળ્યો હતો.સાડા પાંચેક વાગ્યાના સુમારે ઈડર તરફ જતાં હિંગળાજ માતાના મંદિર નજીક વળાંક ઉપર બાઈક સ્લીપ થઈ જતાં ડિવાઈડર સાથે અથડાઈ ડિવાઈડર ઉપર લાગેલ લોખંડના થાંભલા અને સ્ટ્રક્ચર સાથે અથડાતા મયંક રોડ પર પટકાયો હતો.

### હિંમતનગરમાં નિવૃત સૈનિકોની રેલી દરમિયાન હિંસક બન્યું ટોળું

## ૮૦ના અજાણ્યા ટોળામાંથી ૧૦ ઈસમે ટ્રાફિક ચોકીમાં કરી તોડફોડ, પોલીસે નોંધી FIR

(ગરવી તાકાત) હિંમતનગર તા.૯ હિંમતનગરના મોતીપુરામાં નિવૃત સૈનિકોની રેલી દરમિયાન હિંસક બનેલા ટોળાએ ટ્રાફિક ચોકીમાં તોડફોડ કરતા ચકચાર મચી ગઈ છે. પોલીસે ૮૦ અજાણ્યા લોકો સામે ગુનો નોંધ્યો છે.

PI એમ.ડી.ગઢવીની ફરિયાદ મુજબ, ૩ સપ્ટેમ્બરે આર્મી જવાન યશપાલસિંહ ઝાલા વિરુદ્ધના કેસની રજૂઆત માટે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ૮૦ જેટલા લોકોએ પૂર્વ આયોજિત કાવતરા હેઠળ ગેરકાયદેસર મંડળી રચી હતી.ટોળાએ મોતીપુરા બાયપાસ રોડ પર ટ્રાફિકની અવ્યવસ્થા સર્જી હતી. તેમાંથી ૧૦ જેટલા લોકોએ



પોલીસ કર્મચારીઓને ધમકી આપી હતી. આ લોકોએ મોતીપુરા ટ્રાફિક ચોકીના કાચ અને ખુરશીઓની તોડફોડ કરી અંદાજે રૂ. ૫ હજારનું નુકસાન પહોંચાડ્યું હતું.

પોલીસે જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધ્યો છે. આરોપીઓની ઓળખ માટે સીસીટીવી ફૂટેજની તપાસ શરૂ કરવામાં આવી છે. અલગ-અલગ ટીમો બનાવી આરોપીઓને પકડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### યુવરાજસિંહ જાડેજા અને જીતુભાઈ ઉપાધ્યાયની લડાઈની જીત

# HNGU નર્સિંગ પ્રવેશ કૌભાંડમાં સરકારની તપાસમાં ભ્રષ્ટાચાર પુરવાર થયો

(ગરવી તાકાત) પાટણ તા.૯ નર્સિંગ કોલેજોમાં નિયમ વિરુદ્ધ થયેલા પ્રવેશ મામલે છેલ્લા બે વર્ષથી ચાલી રહેલી લડાઈમાં આજે એક મહત્વપૂર્ણ વળાંક આવ્યો છે. યુવરાજસિંહ જાડેજા અને જીતુભાઈ ઉપાધ્યાય દ્વારા કરવામાં આવેલી સતત રજૂઆતો બાદ સરકારે આ મામલે તપાસ કમિટીની રચના કરી હતી.

આ કમિટીએ રજૂ કરેલા રિપોર્ટમાં ખુદ સરકારે સ્વીકાર્યું છે કે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી (HNGU) સાથે સંકળાયેલી નર્સિંગ કોલેજોમાં નિયમો નેવે મૂકીને ગેરકાયદે પ્રવેશ આપવામાં આવ્યા હતા.

તપાસ કમિટીના રિપોર્ટના મુખ્ય તારણોઃ નિયમ વિરુદ્ધ પ્રવેશઃ તપાસમાં પુરવાર થયું છે કે ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને નર્સિંગ



કોલેજોએ કાઉન્સિલની કટ-ઓફ તારીખ પછી ૭૭થી વધુ વિદ્યાર્થીઓને ગેરકાયદે પ્રવેશ આપ્યા હતા.

★ ગેરકાયદે પરીક્ષાઃ મોડા પ્રવેશ મળ્યા બાદ આ વિદ્યાર્થીઓની પરીક્ષા પણ નિયમોની વિરુદ્ધ જ લેવાઈ હતી.

★ અધિકારીઓનો ભ્રષ્ટાચારઃ યુનિવર્સિટીના ચાર અધિકારીઓનો ભ્રષ્ટાચાર રેકોર્ડ પર સાબિત થયો છે.

આ અહેવાલ એ સત્યને સમર્થન આપે છે જેની રજૂઆત અમે છેલ્લા બે વર્ષથી દસ્તાવેજો સાથે કરી રહ્યા હતા. વિદ્યાર્થીઓને કોઈ નુકસાન ન થાય તે હેતુથી તેમના પ્રવેશને માન્યતા આપવામાં આવી છે, જે એક સકારાત્મક પગલું છે.

અધૂરો ન્યાય અને ભવિષ્યના પ્રશ્નોઃ જોકે, આ તપાસ રિપોર્ટ અધૂરા ન્યાયની લાગણી પણ જન્માવે છે. ભ્રષ્ટાચાર સાબિત થયો હોવા છતાં, યુનિવર્સિટી અને કોલેજો સામે કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી નથી. ભ્રષ્ટાચારમાં સામેલ અધિકારીઓ આજે પણ તેમના પદ પર યથાવત છે. વિદ્યાર્થીઓના હિતના નામે ભ્રષ્ટાચારને 'ક્લીન ચિટ' મળી છે.

આ કેસ સરકાર માટે એક 'ટેસ્ટ કેસ' હતો.

જો ભ્રષ્ટાચારીઓ સામે કડક પગલાં લેવાયા હોત, તો અન્ય યુનિવર્સિટીઓ અને કોલેજોને એક સ્પષ્ટ ચેતવણી મળી હોત.

પરંતુ આ મામલામાં, એવો સંદેશ ગયો છે કે નિયમો તોડીને પૈસા કમાવો, અને પકડાઈ જાવ તો 'વિદ્યાર્થી હિત'ના બહાને બચી શકાય છે.

અમારી લડાઈ ભ્રષ્ટાચારનો અંત લાવવા માટે હતી, પરંતુ સિસ્ટમ ગુંગી બનીને ફક્ત કૌભાંડને માન્યતા આપી રહી છે. જ્યાં સુધી દોષિતોને સજા નહીં મળે, ત્યાં સુધી આ લડાઈ અધૂરી રહેશે.

### હારીજના જમણપુરમાંથી ૧.૪૦ લાખના એરંડાની ચોરી

## ખેતરની ઓરડીમાંથી ૨૭ બોરી ગાયબ, પોલીસ તપાસ શરૂ

હારીજ તાલુકાના જમણપુર ગામમાં એક ખેડૂતના ખેતરમાંથી એરંડાની ચોરીનો બનાવ સામે આવ્યો છે. ખેડૂત ભરતભાઈ રાવળના ખેતરની ઓરડીમાંથી રૂ. ૧,૪૦,૪૦૦ની કિંમતની એરંડાની ૨૭ બોરીઓ ચોરાઈ ગઈ છે.

ભરતભાઈ રાવળે હારીજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેમના જણાવ્યા મુજબ, આ ચોરી ૭ સપ્ટેમ્બર સાંજે ૬ વાગ્યાથી ૮ સપ્ટેમ્બર સવારે ૯:૩૦ વાગ્યા દરમિયાન થઈ હતી.



૪૯ વર્ષીય ભરતભાઈ ગાંડુભાઈ ખોડાભાઈ રાવળ ખેતીનો વ્યવસાય કરે છે. અજાણ્યા ચોર ઈસમોએ તેમના ખેતરમાં આવેલી ઓરડીને નિશાન બનાવી હતી. પોલીસે ગુનો નોંધીને આ મામલે વધુ તપાસ શરૂ કરી છે.

# સંક્ષિપ્ત સમાચાર

## મહાનગરપાલિકાઓમાં બાકી રહી જતા અને નવીન વિકાસ કાર્યો સત્વરે શરૂ કરાશે

ગાંધીનગર,તા.૯

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રીએ વિધાનસભામાં પૂછાયેલા ટી.પી. સ્કીમ સંદર્ભેના એક પ્રશ્નના ઉત્તરમાં સ્પષ્ટ પણે કહ્યું કે, રાજ્ય સરકાર પક્ષ-વિપક્ષ વિના રાજ્યની તમામ પ્રજાજનોના વિકાસ કાર્યોમાં અવિરત પણે કાર્ય કરી રહી છે. રાજ્યમાં વધતા જતા શહેરીકરણના પગલે સરકાર દ્વારા સુનોયિજીત પણે આયોજન હાથ ધરીને વિકાસ કાર્યો હાથ ધરાયા છે.

રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ૧૦ વર્ષમાં ૭૭૬ જેટલી ટી.પી. સ્કીમ મંજૂર કરવામાં આવી છે. તેમાં પણ વર્ષ ૨૦૨૫ ના ફક્ત ૮ મહિનામાં ૯૫ જેટલી ટી.પી. સ્કીમ મંજૂર કરી છે. જેની કામગીરી યુધ્ધના ધોરણે ચાલુ છે.

રાજ્યમાં ટી.પી. એક્ટની તમામ જોગવાઈઓ અને નિયમ પ્રમાણે જ કામગીરી કરવામાં આવી રહી છે. કેટલાક કિસ્સામાં ટી.પી. સ્કીમની અમલવારીના વિલંબ થવાના ટેકનીકલ કારણો, કોર્ટ મેટર હોઈ શકે. પરંતુ રાજ્ય સરકાર દ્વારા તેનો પણ સત્વરે નિકાલ લાવીને તમામ ટી.પી. સ્કીમ સમયમર્યાદામાં જ પુર્ણ કરવાના પ્રયાસો હાથ ધરાયા છે જેમાં મહદ્અંશે સફળતા પણ મળી હોવાનું મંત્રીએ કહ્યું હતુ.

હાલ રાજ્યમાં ૫૦૬ જેટલી નવી નગર રચના યોજના (ટી.પી,) બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. જે કાયદાકીય જોગવાઈ અનુસાર સમયમર્યાદામાં આખરી કરવામાં આવનાર હોવાનું મંત્રીએ જણાવ્યુ હતુ.

## રાહુલ ગાંધીને યાદ અપાવવું છે કે જાહેર જીવનમાં કોઈ વિરામ નથી,રવિશંકર પ્રસાદ

નવીદિલ્હી,તા.૯

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીના વિદેશ પ્રવાસે ફરી એકવાર રાજકીય હલચલ વધારી દીધી છે. રાહુલ ગાંધી આ દિવસોમાં મલેશિયામાં છે. આ અંગે ભાજપના વરિષ્ઠ નેતા રવિશંકર પ્રસાદે કહ્યું કે રાહુલ ગાંધી કર્ણાટકમાં હોત તો સારું થાત. પરંતુ ફરી એકવાર, તેઓ વેકેશન પર છે. તેમણે કહ્યું કે તમે એવા વ્યક્તિ વિશે શું કહી શકો જે બેદરકાર રાજકારણી જેવું વર્તન કરે છે? મારે રાહુલ ગાંધીને યાદ અપાવવું છે કે જાહેર જીવનમાં કોઈ વિરામ નથી.એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે રાહુલ ગાંધી બિહારમાં તેમની 'મતદાર અધિકાર યાત્રા' પૂર્ણ કર્યા પછી મલેશિયામાં રજાઓ ગાળી રહ્યા છે. જ્યાં તેઓ સ્કૂટર ચલાવતા જોવા મળ્યા હતા, ત્યાં તેઓ પ્રખ્યાત પર્યટન સ્થળ લંગકાવીમાં પણ જોવા મળ્યા હતા. ભાજપ આ અંગે રાહુલ ગાંધી પર હુમલો કરી રહ્યું છે. રાહુલ ગાંધીની વિદેશ યાત્રા અંગે સોશિયલ મીડિયા પર ઘણી ચર્ચા થઈ રહી છે. તેમની તસવીરો વાયરલ થઈ રહી છે, જેમાં તેઓ મલેશિયામાં રજાઓ માણી રહ્યા હોવાનું કહેવામાં આવી રહ્યું છે.

અગાઉ, ભાજપ આઈટી સેલના વડા અમિત માલવિયાએ ઠ પર એક ફોટો શેર કરીને રાહુલ ગાંધી પર જોરદાર નિશાન સાધ્યું હતું. અમિત માલવિયાએ લખ્યું હતું કે, ×રાહુલ ગાંધી ફરી એકવાર ગુપ્ત રીતે વિદેશ ગયા છે. આ વખતે તેઓ મલેશિયાના લંગકાવીમાં રજાઓ માણી રહ્યા છે. એવું લાગે છે કે તેઓ બિહારના રાજકારણની ગરમી અને ધૂળ સહન કરી શક્યા નથી. અથવા આ કોઈ ગુપ્ત બેઠકનો ભાગ છે, જેના વિશે જનતાને ખબર ન હોવી જોઈએ?×

## જુનાગઢના ધારાસભ્યના નકલી પીએ બનીને છેતરપિંડી કરતી પતિ-પત્નીની જોડી ઝડપાઈ

જુનાગઢ,તા.૯

જુનાગઢમાંથી સરકારી કામ અને ગુજરાત સચિવાલયમાં નોકરી અપાવવાની લાલચે લોકોને ફસાવનાર મૂળ આકોલવાડીના અને હાલ રાજકોટના કોઠારીયા રોડ પર રહેતા રવિ અને પ્રજ્ઞા ચોવટીયા નામના પતિ-પત્નીની જોડીને જૂનાગઢ બી ડિવિઝન પોલીસે ઝડપી પાડી છે. જૂનાગઢના ફરિયાદી શિલ્પાબેન ભાખરની ફરિયાદના આધારે પોલીસે આ દંપતીની ધરપકડ કરી અને અંદાજે ૧ કરોડ ૧૮ લાખ ૩૮ હજાર ૭૫૦ રૂપિયાની છેતરપિંડીના ગુનાનો ભેદ ઉકેલ્યો છે.પોતાને ધારાસભ્યના પીએ તરીકે ઓળખાવીને રવિ અને પ્રજ્ઞા ચોવટીયા જૂનાગઢ અને આસપાસના વિસ્તારોમાં લોકોને શોધીને તેમને ગુજરાત સચિવાલયમાં સરકારી નોકરી, દિલ્હી હાઈવે કોરિડોરમાં વૃક્ષો વાવવાનો કોન્ટ્રાક્ટ, ભેંસોના તબેલા બનાવવા માટે ૩ કરોડની સરકારી સહાય અને બેંકોમાંથી આર્થિક ધિરાણ અપાવવાની લાલચ આપીને છેતરતા હતા. આ રીતે તેઓ ચતુરાઈપૂર્વક લોકોને પોતાના માયાજાળમાં ફસાવતા હતા. જૂનાગઢના ફરિયાદી શિલ્પાબેન ભાખર પણ આ દંપતીની લાલચમાં ફસાયા હતા અને તેમણે દિલ્હી નેશનલ હાઈવે કોરિડોરમાં વૃક્ષો ઉગાડવાના કોન્ટ્રાક્ટના નામે ૫૦ લાખ ૮ હજાર રૂપિયા આપી દીધા હતા. જોકે, કોન્ટ્રાક્ટ ન મળતાં ૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ શિલ્પાબેને પોલીસ ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે પોલીસે આ દંપતીને ઝડપી લીધા.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી રવિ અને પ્રજ્ઞા ચોવટીયાએ ધારાસભ્યના પીએની ખોટી ઓળખ ઉભી કરીને અનેક લોકોને ફસાવીને ૧ કરોડ ૧૮ લાખ ૩૮ હજાર ૭૫૦ રૂપિયાની છેતરપિંડી આચરી છે. આ ઉપરાંત, તેઓ વેપારીઓને પણ પોતાના માયાજાળમાં ફસાવતા હતા. વેપારીઓને તેમનો માલ મોટા માર્જિનથી વેચવાનું આશ્વાસન આપીને મોટી રકમની લેવડ-દેવડ કરી હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે. હાલ જૂનાગઢ પોલીસે આ દંપતી સામે છેતરપિંડીનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

## આંગણવાડી કાર્યકર અને સહાયકના માનદ વેતનમાં વધારો; મુખ્યમંત્રી નીતિશ કુમારે જાહેરાત કરી

પટણા,તા.૯

બિહારની નીતિશ કુમાર સરકાર રાજ્ય વિધાનસભા ચૂંટણી પહેલા ભેટોનો મારો ચલાવી રહી છે. હવે મુખ્યમંત્રી નીતિશ કુમારે પોતે આગળ આવીને આંગણવાડી કાર્યકર અને આંગણવાડી સહાયકના માનદ વેતનમાં વધારો કરવાની જાહેરાત કરી છે. સોમવારે મુખ્યમંત્રી નીતિશ કુમારે કહ્યું કે આંગણવાડી કાર્યકરનું માનદ વેતન ૭ હજારથી વધારીને ૯ હજાર કરવામાં આવી રહ્યું છે. તેવી જ રીતે, આંગણવાડી સહાયકનું માનદ વેતન ૪ હજારથી વધારીને ૪.૫ હજાર કરવામાં આવી રહ્યું છે. તેમના નિર્દેશ પર, વિભાગ તેના પ્રસ્તાવને આગળ ધપાવશે. તે પ્રસ્તાવને મંગળવારે કેબિનેટમાં મંજૂરી આપવામાં આવશે.મુખ્યમંત્રી નીતિશ કુમારે સોમવારે સોશિયલ મીડિયા પર કહ્યું કે નવેમ્બર ૨૦૦૫માં સરકાર બન્યા પછી, સગર્ભા સ્ત્રીઓ અને બાળકોના પોષણ અને આરોગ્યને સુધારવા માટે મોટા પાયે કાર્ય કરવામાં આવી રહ્યું છે.

Volume : 11 Issue : 147 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002